સ્થાપના : ૨૩-૧૨-૨૦૧૬ ॥ શ્રી ગણેશાય નમઃ ॥ રજી.નં.ઈ/૧૦૫૬૬/રાજકોટ

જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ

સેવા સહકાર સંગઠન

કાર્યાલય : ઉમેશ આર. મહેતા (ચેરમેન) - ''શ્રીહરિ ઉપકાર'', ૧-ગીતાનગર, રાજકોટ-૩૬૦ ૦૦૨

મો.૯૪૨૮૫ ૦૬૦૧૧ Email : jankalyan.s.c.trust@gmail.com

બીજો વાર્ષીક અહેવાલ

ચેરમેન

શ્રી ઉમેશ આર. મહેતા

મેનેજીંગ ટ્રસ્ટી

શ્રીમતી દેવી ઉમેશ મહેતા



ખજાનચી

શ્રી વિનોદરાય ડી. પરમાર

વાઇસ ચેરમેન

શ્રી રસિકભાઇ કે. ટાંક

વાઇસ મેનેજીંગ ટ્રસ્ટી

શ્રી નરેશભાઇ એમ. ટાંક

''શ્રી કંકેશ્વરી પ્રસન્નોસ્તુ''

જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ - રાજકોટ

રકતદાન - અંગદાન - ચક્ષુદાન - દેહદાન જાગૃતિ અભિયાન

:: અમારા માર્ગદર્શક ::

ડો.કમલ પરીખ (એમ.ડી.)
ડો. ધર્મેશ શાહ (એમ. એસ. ઓફથ) કોર્નીયા સ્પેશ્યાલીસ્ટ
શ્રી કિશોરભાઇ દવે (પ્રિન્સિપાલ)

:: અભિયાન અમલીકરણ સમિતિ ::

શ્રી ઉમેશ મહેતા	**ચેરમેન**	**૯૪૨૮૫૦ ૬૦૧૧**
શ્રી ડેનીસ આડેસરા	જનસંપર્ક અધિકારી	૭૬૦૦૫ ૦૫૦૫૦
શ્રી જનાર્દનભાઇ આચાર્ય	સભ્ય શ્રી	૯૮૨૪૨ ૧૪૦૨૧
શ્રી અનુપભાઇ દોશી	સભ્ય શ્રી	૯૪૨૮૨ ૩૩૭૯૬
શ્રી જયેશભાઇ ઉપાધ્યાય	સભ્ય શ્રી	૯૩૭૪૧ ૦૩૫૨૩
શ્રી કિશોરભાઇ રાઠોડ	સભ્ય શ્રી	૯૮૨૪૨ ૯૧૬૯૬
શ્રી મિત્તલભાઇ ખેતાણી	સભ્ય શ્રી	૯૮૨૪૨ ૨૧૯૯૯

:: અમારા હમસફર ::

શ્રી મહેશભાઇ ગોહેલ	ગોંડલ	૯૪૨૬૬ ૨૫૫૭૧
શ્રી પ્રફુલભાઇ મહેતા	જુનાગઢ	૯૮૭૯૧ ૩૧૯૬૫
શ્રી અશ્વિનભાઇ પી.મહેતા	અમરેલી (વડીયા)	૯૮૭૯૦ ૫૪૯૯૧
ડો. નીતિન પોપટ	પોરબંદર	૯૩૨૮૦ ૬૬૮૬૮
ડો. નવીનભાઇ સંઘવી	સુરેન્દ્રનગર	૯૪૨૬૯ ૦૩૩૨૭

આ જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટના બીજા અહેવાલ સમયે....

જેણે સમાજ સેવામાં જન્મ સંસ્કાર આપ્યા,
જેમણે હંમેશા બીજા માટે સમર્પિત થવાની પ્રેરણા આપી
અને જેઓ આ બધુ કરી છૂટયા માટે સમય અને સામર્થ્યનો
સ્ત્રોત અંતરિક્ષમાંથી વરસાવતા રહ્યા છે તેવા
દેવ તુલ્ય મારા માતા-પિતાને શત શત વંદન.....
જય શ્રી સ્વામીનારાયણ

સ્વ. રતિલાલ દેવજીભાઇ મહેતા
જ.તા.૨૦-૬-૩૭ સ્વ.તા. ૪-૧૨-૮૬

સ્વ. કંચનબેન રતિલાલ મહેતા
જ.તા.૪-૧૨-૪૧ સ્વ.તા.૮-૭-૯૪

ઉમેશ રતિલાલ મહેતા
શ્રીમતી દેવી ઉમેશ મહેતા

હરિત ઉમેશ મહેતા
શ્રીમતી જાનકી હરીત મહેતા

ઉમંગ ઉમેશ મહેતા

શિક્ષણ - આરોગ્ય - પર્યાવરણ - સાંસ્કૃતિક પ્રવૃતિઓ - જનકલ્યાણના કામો - વિકલાંગોની પ્રવૃતિ
બાળ,યુવા, મહિલા વિકાસ - શહેરી વિકાસ
નિદાન કેમ્પો - રકતદાન કેમ્પ - ચક્ષુદાન કેમ્પ - દેહદાન - પદયાત્રી કેમ્પો - કુદરતી આફતો

સખત પરિશ્રમ કરો પવિત્ર અને શુધ્ધ બનો એટલે ઉત્સાહ આવશે જ...

જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ

ભાગ ૨ / ૩

થોડુંક મારા વિશે....

ગત અંકમાં મારૂ બાળપણ, અભ્યાસ, નોકરી, તેમજ સેવાકીય પ્રવૃતીઓ વિશે થોડી વાતો આપ સૌ સમક્ષ રજુ કરેલ. મારા પિતાશ્રીના અવસાન પછીથી મારા પર આવી પડેલ કૌટુંબીક જવાબદારીઓ નિભાવી અને સાથે સાથે મારા પિતાશ્રીના માર્ગદર્શન હેઠળ વિવિધ પ્રવૃતીઓ જેવી કે બુક બેંક, ફ્રી કોચીંગ કલાસ, બંધુ પરીક્ષા બોર્ડ વગેરે પણ સારી રીતે પૂર્ણ કરી. તેમજ ભુજમાં શરૂ કરેલ પદયાત્રી કેમ્પની શરૂઆત અંગે પણ વાતો કરી હતી.

મારી સેવાકીય પ્રવૃતિઓની બીજી ઈનીંગની શરૂઆત કાંઈક આ રીતે થઈ. **મારા પિતાજીની બદલી જુલાઈ – ૭૭ માં રાજકોટ થઈ અને અમો આનંદનગર (રાજકોટ) માં રહેવા લાગ્યા. મારો અભ્યાસ (s.y.Bsc.) કોટક સાયન્સ કોલેજમાં ચાલુ હતો.** એ દરમીયાન પાડોશમાં અને કોલેજના મિત્રો સાથે વારંવાર મળવાનું થાય અને મારી ભાવનગરમાં કરેલી સેવાકીય પ્રવૃતિઓ અંગેની વાતો પણ થાય. **મારી સેવાકીય પ્રવૃતીઓનાં રસ–રૂચિ જોઈને આનંદનગર માં ચાલતાં ''આનંદનગર વિકાસ મંડળ'' માં મને માનદ્‌મંત્રી તરીકેની જવાબદારી સોંપાઈ. આમ, મને રાજકોટમાં આવી પ્રવૃતીઓમાં જોડનારાં મારા મિત્ર હર્ષદ ગોવિંદજી જોષી ને હું આ તકે ન ભૂલી શકું તે આવી ઘણી અન્ય પ્રવૃતીઓમાં પણ જોડાયેલ. જે અંતર્ગત હું 'અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ' (ABVP) તેમજ 'રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ (RSS) માં પણ જોડાયો અને આમ મારી સેવાકીય પ્રવૃતિઓનું મંડાણ થયું. ૧૯૭૫ માં થયેલ નવનિર્માણ આંદોલન વખતે રાજકોટના કન્વીનર શ્રી અનામિક શાહે મીડીયા પ્રેસ નોટ લખવાનું શીખવ્યું તેને પણ આ તકે યાદ કરૂ છું.**

'' આનંદનગર વિકાસ મંડળ '' માં મંત્રીની જવાબદારી સંભાળ્યા બાદ અમારી કારોબારીનાં ૧૧ સભ્યોના સાથ સહકારથી **પાણીનું પરબ – પ્રાથમિક સારવારના સાધનો – નિદાન કેમ્પ** જેવી વિવિધ પ્રવૃતીઓ તેમજ વિદ્યાર્થી જીવનને લગતી પ્રવૃતિઓ શરૂ કરી જેની વિગતે માહિતી નીચે મુજબ છે.

પાણીનું પરબ : -

રસ્તા પરથી પસાર થતાં રાહદારીઓને સરળતાથી પાણી પીવા મળે તેવા હેતુથી માર્ચ થી જુલાઈ - ૭૮ દરમીયાન નિલકંઠ ટોકીઝની સામે પાણીનાં પરબની શરૂઆત કરી. કંતાનથી તૈયાર કરેલ તંબુમાં ચાર નાંદ તથા ગ્લાસની વ્યવસ્થા કરી તેમજ સવારના ૯ થી ૬ સુધી આ પાણીની વ્યવસ્થા સંભાળવા એક બહેનની વ્યવસ્થા કરી.

પ્રાથમિક સારવારના સાધનો : -

હાલ ઘણી સંસ્થાઓ આ પ્રકારના સાધનોની વ્યવસ્થા માટે આગળ આવી છે. પરંતુ અમોએ ''આનંદનગર વિકાસ મંડળ'' નાં માધ્યમથી આ પ્રવૃતિ છેક ૧૯૭૮ માં શરૂ કરી. અમારા ઉપપ્રમુખશ્રી બી.જી. ગૌંસાઈ નાં નિવાસ સ્થાને (ઓકે ઈસ્ત્રી ઘર) જ પ્રાથમિક સારવારનાં સાધનોની લેવડ-દેવડ માટેનું સ્થળ નકકી કર્યુ. જરૂરિયાતમંદ લોકો ડીપોઝીટ આપી સાધન લઈ જાય અને જરૂરીયાત પૂર્ણ થયે એ સાધન જમા કરાવી પુરેપુરી ડીપોઝીટ પરત લઈ જાય. **થર્મોમીટર, ગરમ પાણીની કોથળી, ઠંડા પાણીની કોથળી, ટોયલેટ ખુરશી, યૂરિન પોટ, બેડપાન, એનિમા કેન, વગેરે જેવા સાધનો વસાવેલા હતા.** જેનો લાભ ઘણાં રહેવાસીઓએ લીધેલ હતો.

૬-૭-૭૮ - જનસત્તા ૭-૭-૭૮ ફુલછાબ



રાજકોટ તા. ૬
આનંદનગર વિકાસ મંડળ દ્વારા પ્રાથમિક સારવારનાં સાધનોની સગવડ કરાઈ છે. તે શ્રી શાંતીગીરી એસ. ગોસાઈ, બી-૨૮૩ નીલકંઠ ઈસ્ત્રી ઘર, આનંદનગર રાજકોટ-૨ પાસેથી મળી શકશે.

વિવિધ નિદાન કેમ્પ : -

સામાન્ય માણસો પોતાનાં રહેઠાણથી નજીક એક સાથે અનેક રોગનું નિદાન નિશુલ્ક રીતે કરાવી શકે તે માટે નિદાન કેમ્પ કરવાનો વિચાર આવ્યો. જે માટે યોગ્ય સગવડતા ધરાવતા સ્થળની જરૂર પડે. જે માટે **અમોએ તત્કાલિન રાજકોટ શિક્ષણાધિકારીશ્રી એમ.એચ. હાથી સાહેબનો સંપર્ક કરતાં તેમણે અમોને રા.મ્યૂ. કોર્પોરેશન સંચાલિત શાળા નં. ૫૫ ના બિલ્ડીંગનો ઉપયોગ કરવાની** પરવાનગી આપી હતી. જેમાં નીચે મુજબના નિદાન કેમ્પનું આયોજન કર્યુ.

સ્ત્રીરોગ નિદાન કેમ્પ : -

માર્ચ – ૧૯૭૮ માં સ્ત્રી રોગ અંગેના નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં બહેનોએ લાભ લીધેલ.

"હર હર મહાદેવ"

આંખનો નિદાન કેમ્પ :-


૨૧-૨-૭૮ - ફુલછાબ

આંખનો નિદાનયજ્ઞ

રાજકોટ, તા. ૨૦ : આનંદનગર વિકાસ મંડળના ઉપક્રમે મંગળવાર તા. ૨૧મીના રોજ બપોરના અઢીથી પાંચ સુધી હાઉસીંગ બોર્ડની ઓફિસમાં આપના બજાર સામે આંખનો નિદાન યજ્ઞ રખાયો છે.

તા. ૨૧/૨/૭૮ નાં રોજ આંખ માટેના નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ડો.ભાનુબેન પંડયાની સેવા મળેલ. તેમનાં સહયોગથી બહોળા પ્રમાણમાં લોકો આ કેમ્પમાં લાભ લઇ શકયા.

નાક-કાન-ગળા-ચામડી-અને બાળકો નો નિદાન કેમ્પ : -

'આનંદનગર વિકાસ મંડળ' અને 'હેલ્થ કેર સોસાયટી' નાં ડો. કિરીટ વોરા સાહેબ નાં સહયોગથી સંસ્થાના પ્રથમ વાર્ષિક દિન નિમીતે તા.૧૩-૮-૧૯૭૮ નાં રોજ એક સાથે પાંચ નિદાન કેમ્પનું આયોજન શાળા નં. - ૫૫ માં કરેલ. જેમાં નાક-કાન-ગળાનાં સર્જન ડો. વિનોદભાઇ પંડયા, ચામડીના ડો. સુરેશ જોષીપુરા, બાળકોના ડો. રૂપાબેન મહેતા તથા ડો.કે.જે. વ્યાસ સાહેબે પોતાની માનદ્ સેવા આપેલ. આ નિદાન કેમ્પમાં વ્યાપક પ્રચાર - પ્રસારનાં કારણે દરેક વિભાગમાં ખૂબ જ મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધેલ હતો.


૩-૮-૭૮ - ફુલછાબ

નિદાનયજ્ઞનું આયોજન


૧૧-૮-૭૮ - ફુલછાબ

નિદાન યજ્ઞ

દાંતનો કેમ્પ : -

દંતવૈદ્ય લાભુભાઇ શુકલનાં પુત્ર ડો. પુનિતભાઇ તથા પુત્રી ડો. સરોજબેનના સહયોગથી તા. ૧૬/૧૦/૧૯૭૮ ના રોજ વિનામૂલ્યે દાંતનાં કેમ્પનું આયોજન થયું. જેમાં કુલ ૮૦ દર્દીઓએ લાભ લીધેલ. આ કેમ્પ અંતર્ગત <u>૩૪ દાંત, તેમજ ૧૪ પેઢા</u>નાં દર્દીઓને પણ દાંત તથા પેઢા કાઢી અને સારવાર આપેલ અને દરેકને વિનામૂલ્યે દવા આપેલ.

૧૫-૧૦-૮૧ - ફુલછાબ

આનંદનગરમાં દંતયજ્ઞ


૧૩-૧૦-૭૯ - ફુલછાબ

દંતયજ્ઞ

આઝાદી પર્વની ઉજવણી : -

લોકોમાં દેશભકિત જાગૃત કરવા માટે માહિતી ખાતાનાં સહકારથી સ્વાતંત્ર્ય દિનની પૂર્વ સંધ્યાએ 'શહીદ' ફિલ્મનાં શોનું આયોજન આનંદનગરના પટ્ટાંગણમાં કરેલ.

દવજવંદન-વિદ્યાર્થી વિકાસ : -

આનંદનગરનાં મદય પટાંગણમાં દવજવંદનનાં કાર્યક્રમ રાખવામાં આવતા. જે અંતર્ગત સવારે ૮:૩૦ થી ૧૧:૩૦ વાગ્યા સુધી વિદ્યાર્થીનાં


૨૬-૧-૭૯ - ફુલછાબ

આનંદનગર વિકાસ મંડળના ઉપક્રમે ક્વાટર્સ નં. ૧૦૦ સામે આજે સવારે ૯ વાગ્યે ધ્વજ વંદન રંગોળી સ્પર્ધાના વિજેતાઓને ઇનામ વિતરણ સમારંભ એમ્પાયર ... આનંદનગરમાં યોજેલ છે.

આનંદનગર વિકાસ મંડળ - પ્રથમ વાર્ષિક મહોત્સવ


૧૯૭૭-૭૮ ના વર્ષની પ્રવૃત્તિઓ

૧ વિવિધ સ્પર્ધાઓ જેવીકે પતંગ હરીફાઇ, નિબંધ સ્પર્ધાઓ, વકતૃત્વ સ્પર્ધાઓ વગેરે

૨ બુક બેંક

૩ તબીબી સારવારના સાધનો

૪ નિદાન કેમ્પ

૫ આંધ્રમાં થયેલ વાવાઝોડા પ્રસંગે એકઠું કરેલ આંધ્ર રાહત ફંડ

-: બુક બેંક :-

શાળામાં ચાલતા હોય અને સારી સ્થિતિમાં હોય તેવા પુસ્તકો સંસ્થા ભેટ તરીકે સ્વીકારે છે તો વાલીઓને વિનંતી કે આપના બાળકોના ભણી ગયેલ પુસ્તકો જે આપને હવે ઉપયોગી ન હોય તો સંસ્થાને અવશ્ય ભેટ આપશો.

તબીબી સાધનો : નીચેના તબીબી સાધનો આનંદનગર ચોક, રૂમ નં. ૨૮૩ માંથી વિના મૂલ્યે ઉપયોગ માટે મળી શકશે.

બેડ પાન, થર્મોમીટર, યુરીન પોટ, ગરમ પાણીની થેલી બરફની થેલી ...

વાર્ષિક મહોત્સવ નિમીતે નીચે મુજબના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે

આ દુનિયામાં ઉચ્ચ વિચારો અને સદ્વ્યવહાર કરનારજ મહાન છે

સર્વાંગી વિકાસને લગતા વિવિધ કાર્યક્રમો તેમજ લીંબુ ચમચી, સ્લો સાઇકલીંગ, રંગોળી હરિફાઇ, વગેરે જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવતું. અને વિજેતાઓને પ્રોત્સાહક ઇનામ વિતરણ કરવામાં આવેલ.

૧૮-૮-૦૩ - અકીલા

એસ.પી.ટી. આકાશવાણી દ્વારા આઝાદી પર્વ ઉજવાયું

સ્વાતંત્ર દિન નિમિત્તે એસ.પી.ટી. આકાશવાણી, જામનગર રોડ, ખાતે વિવિધ પ્રકારની સ્પર્ધાઓનું આયોજન થયેલ તેમાં કર્મચારીઓ તથા કર્મચારીઓના પરીવારજનોએ ભાગ લીધેલ. જેમાં સ્લો સાયકલિંગ, ૧૦૦મી. દોડ, મ્યુઝીકલ ચેર, લીંબુ ચમચી વગેરે રમતોનું આયોજન થયેલ. તેમાં પ્રથમ, દ્વિતીય તથા તૃતીય વિજેતાઓને ઇનામો આપેલ તથા વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમ સાંજે યોજાયેલ જેમાં સરસ્વતિ વંદના, મત્સ્યગંધા ડાન્સ, હાસ્યનાટીકા, જોકસ, દેશભક્તિ ગીતો વગેરે કાર્યક્રમ રજુ થયા હતા. આ કાર્યક્રમમાં સુપ્રિ. એન્જી. શ્રી ગુપ્તા, સ્ટેશન એન્જી. શ્રી મીના તથા આસિ. સ્ટેશન એન્જી. શ્રી કે.એ. રાવલ તથા પુરે સાહેબ હાજર રહયા હતા.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ડી.જે. કોઠારીભાઈ, સનિષભાઈ એમ. જોશી તથા સાથિઓએ જહેમત ઉઠાવેલ. કાર્યક્રમનું સંચાલન ઉમેશ આર. મહેતાએ કર્યુ હતું તેમ જણાવાયું છે.

કુદરતી આફત : -

ગુજરાતમાં આવેલ ભયંકર મોરબી હોનારત (તા.૧૧/૮/૧૯૭૯) માં અનેક નાની મોટી સામાજિક સંસ્થાઓ લોકોને સહાયભૂત થવા આવી હતી. જે દરમિયાન એ.બી.વી.પી.માં જોડાયેલ હોઇ મેં પણ મોરબીમાં અતિ દુર્ગંધ મારતા વીસ્તારોમાં ફરી સફાઇની કામગીરી કરેલ. તેમજ વિદ્યાર્થીઓને મફત પુસ્તકો ત્થા નોટબુકનું વિતરણ જેવી પ્રવૃતિમાં પણ જોડાયેલ.

હાલનાં આપણાં માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી તે વખતે એબીવીપી ની સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છની ધૂરા સંભાળતા હતા. તે વખતે તેમણે મોરબી માટે આર્થિક ભંડોળ ઉભૂ કરવા, યુવાનોને દર રવિવારે 'બૂટ પોલીસ' કરીને પણ આર્થિક સહાય એકઠી કરવા આહવાન કરેલ. તે વખતે હું કોલેજીયન યુવક હોવા છતાં શરમ છોડીને રેસકોર્ષ રોડ પર બુટપોલીશ કરવા બેસીને આર્થિક યોગદાન આપેલ. તેમજ **'વિશ્વ હિન્દુ પરિષદ' દ્વારા જયુબેલી ગાર્ડન પાસે મોરબી હોનારત અસરગ્રસ્તોનાં ફોટાઓનું પ્રદર્શન** ગોઠવવામાં આવ્યું હતું. ત્યાં સતત આખો દિવસ હાથમાં ફાળા માટેનાં ડબ્બા લઇને લોકો પાસેથી ફાળો એકઠો કરેલ. ત્યાર પછીથી જ **રાજકોટમાં 'વિશ્વ હિંદુ પરિષદ' સક્રિય થયું અને જન્માષ્ટમી ની શોભાયાત્રા નીકળવાની શરૂઆત થયેલ. આ શોભાયાત્રાનાં કાર્યક્રમોમાં પણ સક્રિય** ભાગ લીધેલ. આ ઉપરાંત **મોરબીમાં બેહાલ થયેલ લોકોને કપડાની મદદ પુરી પાડવા રાજકોટના વિસ્તારોમાં, શેરીઓમાં રેંકડી લઇને ફરી, લોકો પાસેથી જૂના-નવા કપડાઓ લઇને મોરબી મોકલાવેલ.**

અમરેલી હોનારત : -

નવેમ્બર - ૧૯૮૨ માં અમરેલી જળ હોનારતમાં કરેલ કામગીરી મારા માટે અત્યાર સુધીની સૌથી કઠિન કામગીરી કહી શકાય. અતિવૃષ્ટિનાં કારણે થયેલ પારાવાર નુકશાનમાં સૌથી વધુ અબોલ પશુઓનાં મૃત્યુ થયેલ. અમરેલી રાહત કાર્ય

ગાય, ભેંસ, બળદ, ઘેટાં, બકરા વગેરે ખૂબ મોટા પ્રમાણમાં તણાઇને મરી જવાના કારણે રસ્તાઓ ઉપર તેમનાં મૃતદેહો કોહવાયેલી હાલતમાં દુર્ગંધ મારતા હતા. આર.એસ.એસ. ના એક સ્વયં સેવક તરીકે મને એ વિસ્તારમાં સેવા કરવાની તક મળેલ. રસ્તે રઝળતા પ્રાણીઓના મૃતદેહોને હાથ અને પાવડા વડે ખસેડી, ડીઝલ છાંટી તેનો નાશ કરવો વગેરે જેવી કામગીરી બજાવેલ. આ લખું છું ત્યારે પણ એ દ્રશ્યો માનસપટ પર તાદ્દશ્યો થાય છે. તા. ૨૨/૧૧/૧૯૮૨ ના દૈનિક પત્ર'' ફુલછાબ''મા આ અહેવાલ પ્રસિદ્ધ થયેલ છે.

૨૨-૧૧-૮૨ - ફુલછાબ

અમરેલી જીલ્લાના બાબાપર ગામની સીમમાં પડેલા પશુમૃતદેહોનો નિકાલ કરી રહેલ આર. એસ. એસ.ના સ્વયંસેવકો

અમરેલી જિલ્લામાં રા. સ્વ. સંઘ દ્વારા મૃત પશુઓના અગ્નિદાહની કામગીરી

રાજકોટ, તા. ૨૧ : રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના એકસો જેટલા સ્વયંસેવકોએ રાજકોટથી અમરેલી જિલ્લાના બાબાપર તથા આજુબાજુના ગામોમાં ફરીને ગઇકાલે ૨૦૦ થી વધુ પશુઓના મૃતદેહોને અગ્નિદાહ આપી નિકાલ કરેલ હતો.



જુનાગઢ જળ હોનારત :-

૧૯૮૩ નાં વર્ષમાં ૨૨ મી જુનના રોજ જુનાગઢમાં થયેલ જળ હોનારત નાં કારણે શાપુર તથા આસપાસના વિસ્તારોમાં પણ અગણિત માનવ-પશુઓએ જીવ ગુમાવ્યા હતા. ત્યારે પણ ફરીથી **આર.એસ.એસ. ના માધ્યમથી રોડ પરની ગંદકીની સફાઇ** વગેરે જેવા સેવા કાર્યો કરવાની તક મળેલ. જળ હોનારતનાં આઠ-દસ દિવસ બાદ અમોને **બે વ્યકિતની અતિશય દુંર્ગધ મારતી લાશ કબજા થી આગળ ઓઝત નદીનાં કાંઠેથી મળેલ જેની જરૂરી નોંધણી કરાવી ત્યાં જ અગ્નિદાહ આપેલ.**

૨૭-૬-૮૩ - કુલછાબ

શાપુરમાં મૃત્યુ પામેલાં, સડી ગયેલાં દુર્ગંધ મારતા કેટેને અકત્ર કરી તેમને અગ્નિદાહ આપવાના કાર્યમાં વ્યસ્ત આર. એસ. એસ.ના સ્વયંસેવકો (૨) તંબડીના મુખ્ય માર્ગ પર પડેલાં કચરા તથા સડેલા અનાજના ઢગલાં દુર કરી રહેલાં સ્વયંસેવકો.

ટીકરમાં પંદર માનવ લાશ મળી ◆ ઉપલેટા ખાડ કારખાનાને ૨૦ લાખનું નુકશાન ◆ વાહન વ્યવહારથી કપાઇ જતું જેતલસર ◆ જેતપુરમાં હોમગાર્ડે ૨૫ માનવોને બચાવ્યા ◆ બેરમાં ફેરવાઇ જતું કમઢિયા ગામ

ઘેડ વિસ્તારના કુદરતી સંહારની વિગતો

કારગીલ યુધ્ધ :-

કારગીલ યુધ્ધ પૂર્ણ થયા બાદ યુધ્ધમાં શહીદ થયેલ જવાનોને **આર્થિક** સહાય માટે દેશમાં સરકારશ્રી તથા વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા ભંડોળ ઉભું કરવા માટે પ્રયત્નો કરવામાં આવેલ તે અંતર્ગત તે સમયનો **મારો એક પગાર જેટલું ભંડોળ સ્ટાફ પરીવારમાંથી એકત્રીત કરી રૂ.૧૬૦૦૧/– 'ફુલછાબ' ના પ્રતિનિધિને અર્પણ કરેલ.** જેની ફોટા સાથેની નોંધ તા. ૧૧/૭/૧૯૯૯ નાં રોજ ફૂલછાબ માં પ્રસિદ્ધ થયેલ.

ભૂજ-ભૂકંપઃ

૨૬ મી જાન્યૂઆરી –૨૦૦૧ માં ગુજરાતમાં આવેલ વિનાશક ભૂકંપમાં કચ્છ વિસ્તાર સૌથી વધુ અસરગ્રસ્ત બનેલ. તે વખતે પણ મારાથી થઇ શકે તેવી વિવિધ પ્રકારની સેવા/સહાય કરવાનો પ્રયત્ન કરેલ.

૨૦-૬-૯૯


જૂનીઅર ચેમ્બર

રાજકોટ ગ્રેટર જૂનીઅર ચેમ્બર દ્વારા 'જરા યાદ કરો કુરબાની' અંતર્ગત શહીદ સહાય ભંડોળ એકત્ર કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જ્યારે રાજકોટ આકાશવાણીના એન્જીનીયર શ્રી ઉમેશભાઇ મહેતાએ,માતૃભિમિની રક્ષા માટે મથતા સૈનિકોને ચિરંજીવ બનાવવા માટે 'મૃત્યુંજય મહાદેવ'ના મંત્રની માળા કરવા જણાવ્યું

૧૧-૭-૯૯ - ફુલછાબ

સુપર પાવર ટ્રાન્સમીશન, આકાશવાણીના કર્મચારીઓ શહીદ સહાયમાં આગળ આવ્યા

જામનગર રોડ પર આવેલ સુપર પાવર ટ્રાન્સમીશ, આકાશવાણી કચેરીના કર્મચારીઓએ એક દિવસનો પગાર ફૂલછાબના દેશભક્તિ ભંડોળમાં અર્પણ કરીને ઉમદા રીતે રાષ્ટ્ર પ્રત્યેનું કર્તવ્ય નિભાવ્યું છે કર્મચારીઓએ ભારતીય સેનાના શૌર્યની બીરદાવ્યું હતું. શહીદોને શ્રદ્ધાસુમન સમર્પ્યા હતા. કર્મચારી પરિવારની કુલ રૂા. ૧૬,૦૦૧/-ની રકમ સુપર પાવર ટ્રાન્સમીશન, આકાશવાણીના સ્ટેશન એન્જીનીયર શ્રી સી. એમ દેવાણી, યુ. આર. મહેતા તથા પી. કે. પારેખના હસ્તે ફૂલછાબના પ્રતિનિધિ જયંતિલાલ ગાંગડીયાને અર્પણ કરવામાં આવી હતી.

- જરૂરીયાતમંદોને લોહી પુરું પાડવા માટે વોલન્ટરી બ્લડ બેંકમાં લોહી જમા કરાવવા પ્રયત્નો કરેલ. ખાસ કરીને ૦+. **મારું લોહી જમા કરાવેલ.**

- પીડીતોની સારવાર માટે અવાર નવાર **સિવિલ હોસ્પિટલ** ની મુલાકાત.

- માળિયા વિસ્તારનાં સમગ્ર કુટુંબમાંથી એક માત્ર બચેલ વ્યકિતને પ્રભાત લેબોરેટરીમાં **વિનામૂલ્યે સીટી સ્કેન કરાવી આપેલ. તેમજ ડો. પ્રકાશ મોઢા સાહેબનો સંપર્ક કરી તાત્કાલીક સારવાર અપાવી જીવન બચાવેલ.**

- ભૂકંપના કારણે અનેક લોકો બેઘર બની ગયેલ. આવા લોકોને કામચલાવ ટેન્ટ આપવા માટે સ્વામિનારાયણ ગુરૂકુળ માં ટેન્ટ બનાવવાની પ્રવૃતિમાં ઘણાં દિવસો સુધી **કંતાનોની સિલાઇ કામ જેવી સેવા કરેલ.**

- હરહંમેશની જેમ 'ફૂલછાબે' ભૂકૂંપ પીડિતો માટે ફંડ એકઠું કરવા પ્રજાને હાંકલ કરેલ ત્યારે **''સેવા પરમો ધર્મ'' સમજીને મારી સગાઈની ઉજવણી મોકૂફ રાખીને તે રકમ ' ફુલછાબ ' ટ્રસ્ટમાં જમા કરાવેલ.** જેની નોંધ અખબારે તા.૩૧/૧/૨૦૦૧ ના રોજ લીધેલ.

આમ સમયાંતરે સમાજ પર આવી પડતી અનિચ્છનીય આફતો વખતે મારાથી થઇ શકે તેટલી મદદ કરવાનો કાયમ પ્રયત્ન કરતો રહ્યા છું.

તદ્ઉપરાંત રકતદાન,રકતદાન કેમ્પો, વિવિધ સંસ્થાઓમાં કમીટી મેમ્બર, ટ્રસ્ટી તથા જવાબદારીઓ અને **'શ્રી નાથળિયા ઉનેવાળ બ્રહમસમાજ ટ્રસ્ટ'** અને **'' જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ '' ની સ્થાપના** વગેરે જેવી પ્રવૃતીઓ વિશે આવતા અંક માં વાત કરીશું.

ભવદીપ
ઉમેશ રતિલાલ મહેતા

માનવ સેવાનો પાયાનો સંકલ્પ

સ્વ.કંચનબેન
રતિલાલ મહેતા
જ.તા.૪–૧૨–૧૯૪૧
સ્વ.તા.૮–૭–૧૯૯૪

મારા માતૃશ્રીનાં અવસાન સમયે થયેલ ચક્ષુદાને પ્રથમ ચક્ષુદાન ગણી પ્રથમ વરસે જ છ ચક્ષુદાન થયેલ. તેમજ ૩૧/૩/૧૮ સુધીમાં કુલ આઠ ચક્ષુદાન થયેલ છે.

કોઈપણ વ્યકિતનાં મૃત્યુ બાદ માત્ર એક જ કલાકમાં (દિવસ હોય કે રાત) ડોકટરની ટીમ આવીને ચક્ષુદાનની પ્રક્રિયા પૂર્ણ કરે છે. ચક્ષુદાન ઘરે પણ થઈ શકે છે. હોસ્પીટલે જવાની જરૂર રહેતી નથી. આ અંગે અમોને જાણ કરવાથી (મોબાઈલ નંબર : ૯૪૨૮૫૦૬૦૧૧) અમે પણ આ વ્યવસ્થા તાત્કાલિક કરી આપીએ છીએ.

ચક્ષુદાન – દેહદાન ઉપરાંત અંગદાન પણ થતા હોવાથી તેની જાગૃતિ માટેના કાર્યક્રમો – મીટીંગો–હોડીંગ્સ–પેમ્પલેટ વિતરણ વગેરે કરી લોકો પાસે સંકલ્પ પત્રો ભરાવડાવી એ છીએ. કારણ કે આ અંગો આપણે વેંચાતા મેળવી શકતા નથી.

આપ પણ આપના સમાજમાં–ઓફીસમાં–સોસાયટીમાં, લગ્ન કે સગાઇ પ્રસંગમાં–અમોને બોલાવશો તો અમે સમગ્ર સૌરાષ્ટ્રમાં ગમે ત્યાં નિઃશુલ્ક પ્રચાર પ્રસાર અર્થે આવીશું.

આપ આવા કોઈપણ સંગઠન કે મંડળમાં જોડાયેલા હો તો આપનાં આવા કોઈ સમારંભ કે મેળાવડામાં આવા સેવાકીય કાર્યોમાં રસ લઈ અમારા આ જનજાગૃતિ અભિયાનમાં માધ્યમ બનશો તો તે ખૂબ જ આવકાર્ય બની રહેશે.

પ્રથમ-બીજા વર્ષના ચક્ષુદાતાઓ

સ્વ. પોપટલાલ કેશવલાલ દવે
સ્વ. તા.૦૯-૦૮-૨૦૧૭
રાજકોટ
પુત્ર : ધર્મેન્દ્ર પોપટલાલ દવે

સ્વ. ભાનુબેન વસંતભાઈ શુક્લ
સ્વ. તા. ૧૨-૯-૨૦૧૭
રાજકોટ
પુત્ર : રાજેન્દ્ર વસંતભાઈ શુક્લ

સ્વ. રમેશચંદ્ર હરજીવનભાઈ શ્રોત્રીય
જ.તા. ૧-૭-૬૪ સ્વ. તા. ૩૦-૯-૧૭
વેરાવળ
ભત્રીજો : સતિષભાઈ વાસુદેવભાઈ શ્રોત્રીય

સ્વ. શાંતાબેન બચુભાઈ ડોબરીયા (૮૪)
સ્વ. તા. ૧૫-૧૧-૨૦૧૭
ગોંડલ
પુત્ર : શૈલેશભાઈ બચુભાઈ ડોબરીયા
મો.: ૯૦૯૯૦ ૬૬૮૨૧

સ્વ. મધુબેન કિશોરભાઈ ભટ્ટ (૬૪)
જ.તા. ૨૧-૧૨-૫૩ સ્વ.તા. ૧૬-૧૧-૧૭
રાજકોટ
પુત્ર : પારસ કિશોરભાઈ ભટ્ટ
મો.: ૯૪૨૭૪ ૩૪૪૮૧

સ્વ. ગુણવંતભાઈ ભુવા
સ્વ.તા.૦૩-૦૧-૧૮
ગોંડલ
પુત્ર : રમેશભાઈ તથા કિશોરભાઈ

સ્વ.હીરવા જીજ્ઞેશભાઈ મહેતા
જ.તા.૧૨-૪-૦૦ સ્વ.તા.૨૪-૧-૧૮
રાજકોટ
પિતા : જીજ્ઞેશભાઈ પ્રવિણભાઈ મહેતા

ચેરમેન
ઉમેશ રતિલાલ મહેતા

મેનેજીંગ ટ્રસ્ટી
શ્રીમતી દેવી ઉમેશ મહેતા

પરોપકારનું પ્રત્યેક કાર્ય સ્વર્ગ તરફ જવાનું આગવું સોપાન છે

ચક્ષુદાન સ્વીકાર - ઋણ સ્વીકાર

ચક્ષુદાન કરી ચક્ષુદાતા તો પોતાનું જીવન ધન્ય બનાવી શકે છે. પરંતુ ચક્ષુદાન સ્વીકારનાર - એટલે કે **પરોપકારી ચક્ષુદાતાના કારણે પોતાના જીવનમાં અજવાસ પ્રાપ્ત કરનાર લોકો ખરેખર ગદ્‌ગદ્દીત થઇ જતા હોય છે.** ચક્ષુદાન કરનારના પરિવારજનોને તો પોતાના સ્વજનના ચક્ષુઓનું દાન કોને થયું તેની જાણ થતી નથી. કારણ કે સરકારનો નિયમ "Human Organ Trasplant aec" હેઠળ દાન આપનાર અને લેનાર બન્નેની ઓળખ છતી નથી થતી.

પરંતુ આવા ચક્ષુઓ મેળવનારને જયારે મળવાનું થયું ત્યારે વર્ણવેલી વાત અહીં રજુ કરૂ છું.

જાડેજા નટવરસિંહ ભીમસિંહ

જાડેજા નટવરસિંહ રાજકોટમાં અટીકા વિસ્તારમાં પ્લાસ્ટીક બેગમાં પ્રિન્ટીં કામ કરી પોતાનું ગુજરાન ચલાવે છે. અને રૈયાધાર પાસેના જિવસ્તારમાં પોતાના પરીવાર સાથે રહે છે.

પોતાના વ્યવસાયમાં કયારેક વજનવાળો સામાન ઉંચકવાનું પણ બને. એક વખત આવો સામાન ફેરવતા તેમાં રહેલી લાકડાની પટ્ટી તુટી ગઇ અને તુટીને સીધી આંખમાં ભરાઇ. જેના કારણે આંખમાં વધુ પડતી ઇજા ને કારણે દ્રષ્ટી ગુમાવવી પડી.

રાજકોટનાં ખ્યાતનામ અને સેવાભાવી અને અમારા માર્ગદર્શક એવા ડો.ધર્મેશભાઇ શાહની સારવાર અને તેમનાં પ્રયત્નોથી ચક્ષુદાતા પાસેથી ચક્ષુઓ મળતા કીકીના પ્રત્યારોપણ નું ઓપરેશન શકય બન્યું. હાલમાં તેઓ પોતાનું કામ નિયમિત રીતે કરી શકે છે.

કશ્યપ મહેશભાઇ મહેતા

કશ્યબ એમ. મહેતા મોરબી માં રહે છે. અને હળવદ પાસે એક સ્કુલમાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. અને બસમાં દરરોજ અપડાઉન કરે છે.

કશ્યબભાઇએ છેલ્લા પાંચ વર્ષથી આંખમાં ગ્લુકોમાંની (પ્રેસર કન્ટ્રોલ) ની તકલીફ હતી તથા keratoconus (શંકુ આકારની કીકી) નો રોગ હતો અને તેને કારણે આગળનો પારદર્શક ભાગ ઉપસી જાય અને તેને કારણે દેખાતું બંધ થઇ ગયું.

સેવાભાવી અને અમારા માર્ગદર્શક ડો. ધર્મેશભાઇ શાહ સાહેબ પાસે સારવાર શરૂ કરાવી અને પ્રેસર કન્ટ્રોલની સારવારમાં થોડી રાહત થતાં ચક્ષુદાન થી મેળવેલ આંખમાંથી કીકીનું પ્રતિરોપણ એપ્રીલ ૨૦૧૮ માં કરવાથી હાલ તે જોઇ શકે છે. અને પોતાનું રોજીંદું કાર્ય પોતે જાતે કરી શકે છે.

ચક્ષુદાન - દેહદાન અંગે જાગૃતી

રાજકોટમાં આઠ જેટલા ફાયર સ્ટેશન આવેલા છે. તે દરેક જગ્યાએ ચક્ષુદાન-દેહદાન અંગે સ્ટીકર લગાવેલ છે. આ ફાયર સ્ટેશનો - બસ સ્ટેન્ડ પાછળ, રણુજા ચોકડી, મવડી મેઇન રોડ, નિર્મલા રોડ, રામાપીર ચોકડી પાસે, પોપટપરા, બેડીપરા, મોરબી જકાતનાકા પાસે વગેરે...

નોંધ : પુનમ કે અમાસના દિવસે ઉપરોકત કોઇપણ ફાયર સ્ટેશને આપને સમય હોય તે મુજબ ઉભા રહી મરણની ચીઠ્ઠી લઇને આવે તેને ચક્ષુદાન-દેહદાન માટે સમજાવી સંસ્થાના આ અભિયાનને પ્રોત્સાહીત કરવા નમ્ર અપીલ કરવામાં આવે છે. આમ કરવાથી ચક્ષુદાનની સંખ્યા ઘણી વધશે તેવું અમારૂ માનવું છે.

અત્યારે એક અંદાજ મુજબ માત્ર ૮ થી ૧૦% જ ચક્ષુદાન થાય છે. જે ૭૫ થી ૮૦% જેટલું કરવા જનકલ્યાણ ટ્રસ્ટનો સંકલ્પ છે.

સ્થાપનાઃ ૨૩-૧૨-૨૦૧૬ રજી.નં.: ઈ/૧૦૫૬૬/રાજકોટ

:: ચક્ષુદાન - દેહદાન માટે ::

તુરંત મળો → ૯૪૨૮૫૦૬૦૧૧ (૨૪ × ૭)

ઉમેશ મહેતા, ચેરમેન, જનકલ્યાણ સાર્વજનીક ચેરીટેબલ ટ્રસ્ટ

નોંધ :- અવસાનના ૭ કલાક સુધીમાં થઈ શકે છે.

કાર્યાલય :- "શ્રી હરિ ઉપકાર", ૧-ગીતાનગર,રાજકોટ-૩૬૦૦૦૨

ઉમેશ મહેતા
ચેરમેન - જનકલ્યાણ સાર્વજનીક ચેરીટેબલ ટ્રસ્ટ-રાજકોટ

જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ

બીજો વાર્ષિક અહેવાલ - તા.૨૩/૧૨/૨૦૦૧૭ થી ૩૧/૦૩/૨૦૧૮

અમારા પ્રથમ વાર્ષિક અહેવાલમાં જણાવ્યા મુજબ **'જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ' નો બીજો વાર્ષિક અહેવાલ એટલે કે તા. ૨૩-૧૨-૧૭ થી ૩૧-૩-૨૦૧૮ સુધીની અમારી પ્રવૃતિઓ વિશેની જાણકારી આપના કરકમળમાં મુંકતાં અમે આનંદની લાગણી અનુભવીએ છીએ.**

મારા માતૃશ્રી કંચનબેન રતિલાલ મહેતાનું અવસાન થતાં તેમના ચક્ષુઓનું દાન કરવામાં પડેલ **મુશ્કેલીઓ બીજા કોઇ પરિવારને ચક્ષુદાન કરતી વખતે ન પડે તેવા હેતુથી તેમજ અન્ય સેવાનાં પ્રકલ્પો શરૂ કરવા અમોએ આ ટ્રસ્ટની સ્થાપના કરેલ છે.** મારા માતૃશ્રીનું પ્રથમ ચક્ષુદાન ગણી પ્રથમ વર્ષમાં ૬ ચક્ષુદાન થયેલ. અને ત્યારબાદનાં ટૂંકા સમયમાં (૩૧-૩-૧૮) બે ચક્ષુદાન થયેલ છે. એટલે કે હાલ **અત્યાર સુધીમાં કુલ ૮ ચક્ષુદાન થયેલ છે.** જેની વિગત અલગથી આપેલ છે.

ચક્ષુદાન-દેહદાન-અંગદાન વગેરેની જન જાગૃતિ માટેના બેનર્સ-હોર્ડીંગ્સ તેમજ પેમ્પલેટસ તૈયાર કરી **જુદા જુદા વિસ્તારમાં પ્રદર્શિત કરી જન-જાગૃતિ માટેનો અમારો પ્રયત્ન રહયો છે.** અમોએ રાજકોટના અલગ અલગ વિસ્તારમાં ૩૦ જેટલા હોર્ડીંગ્સ લગાવી પ્રચાર પ્રસારના પ્રયત્નો કર્યા છે. **માનનીય તત્કાલીન મેયરશ્રી જૈમનભાઇ ઉપાધ્યાય અને પોલીસ કમિશ્નરશ્રી ગેહલોત સાહેબનાં પ્રોત્સાહન અને માર્ગદર્શનથી આ કાર્યને વધુ વેગ મળ્યો છે.** જે અંતગર્ત હજુ ૭૦ જેટલા હોર્ડીંગ્સ લગાવવાનો અમારો સંકલ્પ છે.

<u>ગોંડલમાં અમારા સેવાભાવી કાર્યકર્તા</u> **મહેશભાઇ ગોહેલ** ના પ્રયત્નો થી ગોંડલમાં બસસ્ટેન્ડ, સરકારી હોસ્પીટલ, સ્મશાન, જીલ્લા પંચાયત ઓફિસ વગેરે જગ્યાએ જન કલ્યાણ ટ્રસ્ટના બેનરો લગાવેલ છે. **આવા લગાડેલ હોર્ડીંગ્સ કારણે જ કચ્છ કડવા પાટીદાર યુવા મંડળના પ્રમુખશ્રી મોહનભાઇ પટેલે અમારો રૂબરૂ સંપર્ક કરી પોતાના પરિવારનાં બધાં જ છ વ્યકિતઓનાં ચક્ષુદાન-દેહદાન કરવાના સંકલ્પ પત્રો ભરેલ.** (જેની વિગત પ્રથમ અહેવાલમાં આપેલ છે.)

એટલુ જ નહી પોતે યુવા મંડળના પ્રમુખ હોવાના નાતે પોતાના સમાજની સાધારણ સભા તા.૬–૧૧–૨૦૧૮ ના શનિવારે રાત્રે ૯.૦૦ વાગ્યે બોલાવી અને તેમાં જનકલ્યાણ ટ્રસ્ટોને અંગદાન – ચક્ષુદાન – દેહદાન અંગે માહિતી આપવા આમંત્રણ પાઠવ્યું. આ સભામાં ઉપસ્થિત સહુ કોઇને વીગતથી સમજાવતા ૧૩ વ્યકિતઓએ સ્થળ ઉપર જ પોતાના સંકલ્પ પત્રો ભર્યા એટલે કે **કુલ ૧૩x૩=૩૯ સંકલ્પ પત્રો ભરાયા.**

જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા ૧૮ ચક્ષુદાન ૧૮ દેહદાન તથા ૧૮ અંગદાનના સંકલ્પપત્રો

રાજકોટ : જનકલ્યાણ સાર્વજનીક ચેરીટિબલ ટ્રસ્ટની પ્રેરણાથી અને કચ્છ કડવા સમાજના પ્રમુખ મોહનભાઇ પટેલના સહકારથી ચક્ષુદાન-દેહદાન-અંગદાન જાગૃતિ માટેની ગ્રુપ મીટીંગ યોજાઇ હતી. તેમાં બહોળી સંખ્યામાં હાજરી હતી.

જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન ઉમેશ મહેતાએ દ્રષ્ટાંતો આપી વિસ્તૃત સમજ આપી હતી. તેના દ્વારા ૧૮ ચક્ષુદાન, ૧૮ દેહદાન તથા ૧૮ અંગદાન એમ કુલ ૫૪ સંકલ્પપત્રો ભરાયા હતા. ઉપરાંત અંગદાનના સંકલ્પ કાર્ડ લેમીનેશન કરીને તેમને અપાયા હતા અને હજુ વધુ સંકલ્પપત્રો ભરાવવાનો ઉત્સાહ બતાવ્યો હતો. વધુ વિગત માટે ઉમેશ મહેતા ૯૪૨૮૫૦૬૦૧૧ નો સંપર્ક કરવા જણાવાયું છે.

સમસ્ત બ્રહમસમાજ દ્વારા જીવનસાથી પરિચય–આઠમું સંમેલન તા. ૭–૧–૧૮ ના રોજ શેઠ હાઇસ્કુલ, ૮૦ ફુટ રોડ રાજકોટ ખાતે યોજાયેલ જેમાં પણ પ્રમુખશ્રી/મંત્રીશ્રી ની પુર્વ મંજુરી લઇ અમારા ટ્રસ્ટ દ્વારા **અંગદાન–ચક્ષુદાન–દેહદાનની જાગૃતિ અંગેના વિવિધ બેનરો લગાવેલ હતા. તેમજ ૧૦૦૦ પેમ્પલેટસ નું વિતરણ કરેલ હતું.**

<u>રાજકોટ તત્કાલીન કલેકટર શ્રી વિક્રાંત પાંડે સાથે.</u>

તદ્ ઉપરાંત રાજકોટમાં તા.૧૮–૨–૧૮ ના રોજ રાજકોટ મ્યૂનિસીપલ કોર્પોરેશન દ્વારા ભવ્ય મેરેથોન દોડનું આયોજન થયેલ તેમાં હજારો લોકોએ ભાગ લીધેલ હતો. જે દરમિયાન પણ વ્યવસ્થા તંત્રની પૂર્વમંજુરી અને સહકારથી **'જન કલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ'** નાં કાર્યકતોએ વહેલી સવારના ૪.૩૦ થી ૯.૦૦ વાગ્યા સુધી અંગદાન–ચક્ષુદાન–દેહદાનનાં ૪૦૦૦ જેટલા પેમ્પલેટસનું વિતરણ કરી

લોકોમાં જાગૃતિ લાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા.

ઉપરોકત કાર્યક્રમ દરમિયાન અમારી સાથે બીજી સેવાકીય સંસ્થાઓ જેવી કે બ્રહમાંડ ફાઉન્ડેશન, જીવદયા ફાઉન્ડેશન, સોની સમાજ યુવા સમિતિ, ઓજસ્વીની ફાઉન્ડેશન ઉપરાંત જુનાગઢની ભાવનાબેન ચીખલીયા ફાઉન્ડેશન વગેરેએ પણ સાથે મળીને પ્રચાર-પ્રસારનું કાર્ય કર્યુ હતું. જે દરમિયાન **રાજકોટના માનનીય મેયરશ્રી ડો.જૈમનભાઈ ઉપાધ્યાયે પણ ઉપસ્થિત રહીને અમોને પ્રોત્સાહન પુરુ પાડયું હતું. અને અમારી સેવાને બિરદાવી હતી**

અમારા ટ્રસ્ટની આ બીજા વર્ષની પ્રવૃતિઓમાં પણ અમારા માર્ગદર્શક એવા **શ્રી ડો. કમલ પરીખ સાહેબ, ડો.ધર્મેશ શાહ સાહેબ તથા શ્રી કિશોરભાઈ દવે એ અમોને માર્ગદર્શન પુરું પાડી** અને પ્રોત્સાહીત કરેલ જે બદલ સંસ્થા વતી તેમનો હાર્દિક આભાર વ્યકત કરૂ છું.

આ માનવ ધર્મરૂપી પ્રવૃતિઓમાં આપનાં **'' આર્થિક સહયોગ ''** ની હુંફ અમારું પ્રેરકબળ બની રહેશે. અમારો PAN-ABCTJ 6296M છે. અમારું સેવીંગ ખાતુ **''જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ'' કોર્પોરેશન બેંક, ઢેબર રોડ, ખાતા નંબર : ૫૨૦૧૦૧૨૫૦૯૯૩૫૩૩ થી છે. જેનો** IFSC CODE - CORP 0000191 છે.

આપ સૌના સાથ સહકાર અને હુંફ અમોને સદાય મળતા રહેશે તેવી અભિલાષા સાથે વિરમું છું.

ચેરમેન
ઉમેશ રતીલાલ મહેતા
જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ

મેને.ટ્રસ્ટી
શ્રીમતી દેવી ઉમેશ મહેતા
જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ

૨૧-૩-૧૬

"માનવ સેવા એજ પ્રભુ સેવા"

જન કલ્યાણ મંચ

કાર્યાલયઃ "શ્રી હરિ ઉપકાર", ૧–ગીતાનગર, રાજકોટ–૩૬૦ ૦૦૨.

રેફ. નં. ૩ –૨ | તારીખઃ ૨૧–૦૩ –૧૬

પ્રતિશ્રી,
રાજકોટ પોલીસ કમીશનરશ્રી,
રાજકોટ.

બાબતઃ ઢેબર રોડ–ગોંડલ રોડ ને જાહેર કરાયેલ વન–વે માંથી મુકત કરવા બાબત.

મા. સાહેબશ્રી,

રાજકોટ વસતિ અને સમૃધ્ધિની દ્રષ્ટિએ સતત વિકસતુ શહેર છે. જેનાં કારણે વાહનોની સંખ્યામાં પણ કલ્પનાતિત વધારો થઈ રહયો છે. આમ છતાં પણ વ્યવસ્થાતંત્ર દ્વારા ટ્રાફિકની સમસ્યા હલ કરવાં ઘણાં અને સંતોષકારક પ્રયત્નો અને પ્રયોગો થઈ રહયાં છે.

રાજકોટના મધ્ય એવા *ઢેબરરોડનો ત્રિકોણબાગથી નાગરિક બેંક તેમજ ગોંડલ રોડનો માલવીયા ચોક થી મકકમ ચોક* બન્નેને આવક–જાવક વન–વે બનાવેલ છે. *પરંતુ સીટી બસ અને એસટી બસ ને છુટ છે.* તે માત્ર મોટરકાર અને ટેમ્પા માટે જ વન–વે બનાવેલ છે. રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન અને પોલીસ તંત્રની આગવી સુઝબૂઝથી બસસ્ટેન્ડ વિસ્તારની દુકાનો અંદર લઈ ઢેબર રોડને જરૂરી પહોળો બનાવેલ છે. તેવી જ રીતે જી.ઈ.બી. ઓફિસ, મેસોનિક હોલ વગેરે વિસ્તારને પહોળો બનાવેલ છે, અને આ રસ્તો વ્યવસ્થિત રીતે શરૂ થઈ ગયેલ છે.

હાલ, આ જાહેર થયેલ વન–વે નાં કારણે ટ્રાફિક સમસ્યાઓ વધી રહી છે. તેવું અનુભવે જણાયું છે અને લોકોનાં મત જાણ્યા છે. જો આ બન્ને રોડ હવે પૂરતા પ્રમાણમાં પહોળા થઈ ગયેલ હોવાથી તેને આવક–જાવક બન્ને માટે ખુલ્લાં મુકી દેવામાં આવે એટલે કે વન–વે માંથી મુકિત આપવામા આવે તો પોલીસ તંત્રને પણ વ્યવસ્થાતંત્ર ગોઠવવામાં સરળતા રહે અને નાગરિકો પણ સુખરૂપ આવ–જા કરી શકે.

આ અંગે પ્રજાભિમુખ બની ઉમેશ આર. મહેતા,સંયોજક,જન કલ્યાણ મંચ, રાજકોટ.નાં આ નમ્ર સૂચનને ધ્યાને લઈ યોગ્ય નિર્ણય લેવા અમારી વિનંતી છે.

આ નમ્ર સૂચન નાં યોગ્ય પ્રતિઉત્તર તથા સહકારની અપેક્ષા સાથે,

આભાર સહ..

સાદર નકલ રવાનાઃ

૧. રાજકોટ મ્યુનિ.કમિશ્નર શ્રી
૨. મેયરશ્રી,રા.મ્યુ.કો. રાજકોટ.
૩. સ્ટેન્ડીંગ કમીટી ચેરમેનશ્રી, રાજકોટ.

પ્રતિશ્રી તંત્રીશ્રી,
દરેક પ્રેસ,રાજકોટ.

ઉપરોકત જનકલ્યાણ મંચની કાર્યવાહી અંગેની પ્રેસનોટ આપના દૈનિક પત્રમાં યોગ્ય સ્થાન આપવા નમ્ર વિનંતી.

આભાર,

(ઉમેશ આર. મહેતા)
સંયોજક
જન કલ્યાણ મંચ, રાજકોટ.

રાજકોટ મહાનગરપાલિકા
જનરલ ... વિભાગ
ઈન્વર્ડ નં.: 8502
તારીખ: 22/3/16
લગત શાખા અધિકારીશ્રી

O/C

22/03/16
12:35 pm

૨૩-૩-૧૬ - ફુલછાબ

પ્રજામત

ઢેબર રોડ-ગોંડલ રોડને વન-વેમાંથી મુકત કરવા જોઇએ

રાજકોટ શહેર વસતિ અને સમૃધ્ધિની દ્દષ્ટિએ સતત વિકસતું શહેર છે. જેનાં કારણે વાહનોની સંખ્યામાં પણ કલ્પનાતિત વધારો થઇ રહ્યો છે. આમ છતાં પણ વ્યવસ્થા તંત્ર દ્વારા ટ્રાફિક્ની સમસ્યા હલ કરવા ઘણાં અને સંતોષકારક પ્રયત્નો અને પ્રયોગો થઇ રહ્યાં છે.

રાજકોટના મધ્ય એવા ઢેબર રોડનો ત્રિકોણબાગથી નાગરિક બેંક તેમજ ગોંડલ રોડનો માલવીયા ચોકથી મક્કમ ચોક બન્નેને આવક-જાવક વન-વે બનાવેલ છે. પરંતુ સીટી બસ અને એસ.ટી. બસને છૂટ છે. તે માત્ર મોટરકાર અને ટેમ્પા માટે જ વન-વે બનાવ્યો છે. રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન અને પોલીસ તંત્રની આગવી સુઝબુઝથી બસ સ્ટેન્ડ વિસ્તારની દુકાનો અંદર લઇ ઢેબર રોડને જરૂરી પહોળો બનાવ્યો છે તેવી જ રીતે જી.ઇ.બી. ઓફિસ, મેસોનિક હોલ વગેરે વિસ્તારને પહોળો બનાવ્યો છે, અને આ રસ્તો વ્યવસ્થિત રીતે શરૂ થઇ ગયો છે.

હાલ, આ જાહેર થયેલ વન-વેનાં કારણે ટ્રાફિક સમસ્યાઓ વધી રહી છે. તેવું અનુભવે જણાયું છે અને લોકોનાં મત જાણ્યા છે. જો આ બન્ને રોડ હવે પૂરતા પ્રમાણમાં પહોળા થઇ ગયેલા હોવાથી તેને આવક-જાવક બન્ને માટે ખુલ્લાં મુકી દેવામાં આવે એટલે કે વન-વેમાંથી મુક્તિ આપવામાં આવે તો પોલીસ તંત્રને પણ વ્યવસ્થા તંત્ર ગોઠવવામાં સરળતા રહે અને નાગરિકો પણ સુખરૂપ આવ-જા કરી શકે.

- ઉમેશ આર. મહેતા

૨૩-૩-૧૬ - સંદેશ

ઢેબર રોડ, ગોંડલ રોડ વન-વે મુક્તિની માગણી

કોર્પોરેશન ચોકથી નાગરિક બેંક ચોક સુધીનો ઢેબર રોડ તેમજ માલવીયા ચોકથી મક્કમ ચોક સુધીનો ગોંડલ રોડ એસ.ટી.બસ સિવાય અને ચાર ચક્રીય વાહનો માટે વન-વે છે જેને મુક્તિ આપવા જન કલ્યાણ મંચ દ્વારા સી.પી.સમક્ષ કરાઈ છે.

અરજદાર / કાર્યાલય ની નકલ

૨૨-૩-૧૬

પોલીસ કમિશ્નર ની કચેરી, રાજકોટ શહેર
જિલ્લા પંચાયત ચોક, રેસકોર્ષ રીંગ રોડ
કચેરી ટેલી. નં. 0281-2459888
ફેક્સ નં. 0281-2458526
E-mail : cp-raj@gujarat.gov.in

અરજી નં. :	**RC16100701529**	તારીખ :	**22/03/2016 18:41:00**
અરજી પ્રકાર :	સામાન્ય અરજી	અરજી પેટા પ્રકાર :	અન્ય પ્રકાર ... સામાન્ય અરજી
અરજી શાખા :	**અરજી શાખા - કમિશ્નર ઓફીસ-103**		
અરજદાર નુ નામ :	**ઉમેશ આર. મહેતા**		
મોબાઈલ :			
સંક્ષિપ્ત વર્ણન :	વન-વે માથી મુક્ત કરવા બાબત		

આપની અરજી આજ રોજ મળેલ છે.

સહી
પોલીસ કમિશ્નર કચેરી,
રાજકોટ શહેર

ઢેબર રોડ વન-વે

પ્રજાહીતમાં સરકારી તંત્રને કરેલ દિશાસૂચનનાં ફળસ્વરૂપે ઉપરોકત સૂચનને ધ્યાને લઈ વહીવટીતંત્ર દ્વારા ઢેબર રોડને વન–વે માંથી મુકત કરવામાં આવેલ છે. આ તકે અધિકારીશ્રી તથા પદાધિકારીશ્રીનો ખુબ ખુબ આભાર.

સ્થાપના : ૨૩-૧૨-૨૦૧૬ ॥ શ્રી કનકેશ્વરી પરસ્નોસ્તુ ॥ રજી. નં. ઈ/૧૦૫૬૬/રાજકોટ

૩૦-૫-૧૭

જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ

જનકલ્યાણ સાર્વજનીક ચેરીટેબલ ટ્રસ્ટ

સેવા સહકાર સંગઠન

કાર્યાલય : ઉમેશ આર. મહેતા (ચેરમેન) - "શ્રીહરિ ઉપકાર", ૧-ગીતાનગર, રાજકોટ - ૩૬૦ ૦૦૨
Emai : jankalyan.s.c.trust@gmail.com તારીખ:

પ્રતિશ્રી, તા. ૩૦-૫ ૨૦૧૭
શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ,
મુખ્ય મંત્રીશ્રી,
ગુજરાત રાજ્ય,
ગુજરાત .

બાબતઃ **ઢેબર રોડ–ગોંડલ રોડ ને જાહેર કરાયેલ વન–વે માંથી મુકત કરવા બાબત.**

મા. સાહેબશ્રી,

રાજકોટ વસતિ અને સમૃધ્ધિની દ્રષ્ટિએ સતત વિકસતુ શહેર છે. જેનાં કારણે વાહનોની સંખ્યામાં પણ કલ્પનાતિત વધારો થઈ રહયો છે. આમ છતાં પણ વ્યવસ્થાતંત્ર દ્વારા ટ્રાફિકની સમસ્યા હલ કરવાં ઘણાં અને સંતોષકારક પ્રયત્નો અને પ્રયોગો થઈ રહયાં છે.

રાજકોટના મધ્ય એવા **ઢેબરરોડ નો ત્રિકોણબાગથી** નાગરિક બેંક તેમજ ગોંડલ રોડનો **માલવીયા ચોક થી મકકમ ચોક** બન્નેને આવક–જાવક,વન–વે બનાવેલ છે. રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન અને પોલીસ તંત્રની આગવી સુઝબૂઝથી બસસ્ટેન્ડ વિસ્તારની દુકાનો અંદર લઈ **ઢેબર રોડ** ને જરૂરી પહોળો બનાવેલ છે. તેવી જ રીતે જી.ઈ.બી. ઓફિસ,મેસોનિક હોલ વગેરે વિસ્તારને પહોળો બનાવેલ છે, અને આ પહોળો રસ્તો વ્યવસ્થિત રીતે શરૂ થઈ ગયેલ છે.

હાલ, આ જાહેર થયેલ વન–વે નાં કારણે ટ્રાફિક સમસ્યાઓ વધી રહી છે. તેવું અનુભવે જણાયું છે અને લોકોનાં મત જાણ્યા છે. જો **આ બન્ને રોડ હવે પૂરતા પ્રમાણમાં પહોળા થઈ ગયેલ હોવાથી** તેને આવક–જાવક બન્ને માટે ખુલ્લાં મુકી દેવામાં આવે એટલે કે **વન–વે માંથી મુકિત આપવામા આવે** તો પોલીસ તંત્રને પણ વ્યવસ્થાતંત્ર ગોઠવવામાં સરળતા રહે અને નાગરિકો પણ સુખરૂપ આવ–જા કરી શકે. અત્યારે **એસ.ટી. ત્થા સીટીબસ માટે પ્રતિબંધ** નથી **માત્ર ફોર વ્હીલર્સ માટે જ પ્રતિબંધિત છે.**

આ અંગે પ્રજાભિમુખ બની ઉમેશ આર.મહેતા,ચેરમેન,જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ,રાજકોટ. ના આ નમ્ર સૂચનને ધ્યાને લઈ યોગ્ય નિર્ણય લેવા અમારી વિનંતી છે. આ નમ્ર સૂચન નાં યોગ્ય પ્રતિઉત્તર તથા સહકારની અપેક્ષા સાથે, આભાર સહ..

રાજકોટ મહાનગરપાલિકા
જનરલ રજીસ્ટ્રી વિભાગ
ઈન્વર્ડ નં.: ૧૦૯૯
તારીખ : ૩૦/૫/૧૭
શાખા અધિકારીશ્રી

સાદર નકલ રવાનાઃ

૧. રાજકોટ પોલીસ કમીશનરશ્રી, રાજકોટ. ૨. રાજકોટ મ્યુનિ.કમિશ્નર શ્રી
૩. મેયરશ્રી,રા.મ્યુ.કો. રાજકોટ. રાજકોટ. ૪. સ્ટેન્ડીંગ કમીટી ચેરમેનશ્રી, રાજકોટ

પ્રતિશ્રી તંત્રીશ્રી,
.... રાજકોટ.

ઉપરોકત જનકલ્યાણ મંચની કાર્યવાહી અંગેની પ્રેસનોટ આપના દૈનિક પત્રમાં યોગ્ય સ્થાન આપવા નમ્ર વિનંતી. આભાર,

ઉમેશ આર. મહેતા

ચેરમેન,
જનકલ્યાણ સાર્વજનીક
ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટ.

શિક્ષણ – આરોગ્ય – પર્યાવરણ – સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ – જનકલ્યાણના કામો – વિકલાંગોની પ્રવૃત્તિ – બાળ, યુવા, મહિલા વિકાસ – શહેરી વિકાસ
નિદાન કેમ્પો – રક્તદાન કેમ્પ – ચક્ષુદાન કેમ્પ – દેહદાન –પદયાત્રી કેમ્પો – કુદરતી આપતો.

॥ મારી દુનિયામાં બધું જ શ્રેષ્ઠ છે અને કલ્યાણકારી છે. ॥

૨-૬-૧૭ - દિવ્યભાસ્કર

ઢેબર રોડને વન-વેમાંથી મુક્ત કરવા રજૂઆત

ડિસ્ટ્રિક્ટ રિપોર્ટર | રાજકોટ

શહેરની મધ્યમાં આવેલા અને ટ્રાફિકથી ધમધમતા ઢેબર રોડ ત્રિકોણબાગથી નાગરિક બેંક, તેમજ ગોંડલ રોડને માલવિયા ચોકથી મક્કમ ચોક સુધી વન-વે જાહેર કરવામાં આવ્યો છે. આ વન-વે જાહેર કરવાથી વાહનચાલકોને મોટી સમસ્યાનો સામનો કરવો પડે છે. રસ્તો વન-વે કરવાથી વાહનચાલકોને લાભ થવાના બદલે નુકસાન થઈ રહ્યું છે. આ રોડને વન-વેમાંથી મુક્ત કરવા જનકલ્યાણ સાર્વજનિક ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા મુખ્યમંત્રી વિજય રૂપાણી, રાજકોટ પોલીસ કમિશનર અને મ્યુનિ. કમિશનરને રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવ્યું છે કે, આ રોડ પૂરતા પ્રમાણમાં પહોળો હોવા છતાં વન-વે જાહેર કરવામાં આવ્યો છે. આ રોડ પર એસ.ટી. તથા સિટીબસ માટે પ્રતિબંધ નથી માત્ર અન્ય વાહનો માટે જ વન-વે છે જે અન્યાય કર્તા છે. માટે ઢેબર રોડને વન-વેમાંથી મુક્તિ આપવી જરૂરી છે. જેથી વાહનચાલકોની મુશ્કેલી હલ થઈ જશે.

ઢેબર રોડ- ગોંડલ રોડને વન-વેમાંથી મુક્ત કરો

ઢેબરરોડનો ત્રિકોણબાગથી નાગરિક બેંક તેમજ ગોંડલ રોડનો માલવિયા ચોકથી મક્કમ ચોક બંનેને આવક-જાવક, વન-વે બનાવેલ છે. મ્યુનિ. કોર્પોરેશન અને પોલીસ તંત્રની આગવી સુઝબૂઝથી બસસ્ટેન્ડ વિસ્તારની દુકાનો અંદર લઈ ઢેબર રોડને જરૂરી પહોળો બનાવેલ છે. તેવી જ રીતે જી.ઈ.બી.ઓફિસ, મેસોનિક હોલ વગેરે વિસ્તારને પહોળો બનાવેલ છે અને આ પહોળો રસ્તો વ્યવસ્થિત રીતે શરૂ થઈ ગયેલ છે.

પ્રજામત

હાલ, આ જાહેર થયેલ વન-વેના કારણે ટ્રાફિક સમસ્યાઓ વધી રહી છે. તેવું અનુભવે જણાયું છે અને લોકોના મત જાણ્યા છે. જો આ બંને રોડ હવે પૂરતા પ્રમાણમાં પહોળા થઈ ગયેલ હોવાથી તેને આવક- જાવક બંને માટે ખુલ્લા મૂકી દેવામાં આવે એટલે કે વન-વેમાંથી મુક્તિ આપવામાં આવે તો પોલીસ તંત્રને પણ વ્યવસ્થાતંત્ર ગોઠવવામાં સરળતા રહે અને નાગરિકો પણ સુખરૂપ આવ-જા કરી શકે. અત્યારે એસ.ટી. તથા સિટી બસ માટે પ્રતિબંધ નથી, માત્ર ફોર વ્હીલર્સ માટે જ પ્રતિબંધિત છે.

- જનકલ્યાણ સાર્વજનિક ટ્રસ્ટ.

૨-૬-૧૭ - ફુલછાબ

૨-૬-૧૭ - અકિલા

ઢેબર રોડ-ગોંડલ રોડને વન-વેમાંથી મુકત કરો

જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટે મુખ્યમંત્રીશ્રીને પત્ર પાઠવી, ઢેબર રોડ, ગોંડલ રોડને જાહેર કરાવેલ વન વે માંથી મુકતી આપવા લેખીત રજુઆત કરેલ છે.

રાજકોટમાં અતિઆધુનિક બસસ્ટેશન નિર્માણ

આપ જાણો છો કે જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ હંમેશા પ્રજાહીત, સમાજહીત અને રાષ્ટ્રહીત માટે સતત પ્રયત્નો કરી રહયું છે. જે અંતર્ગત પ્રજાની સુખાકારી, સગવડતાઓ માટે પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓને યોગ્ય સમયે યોગ્ય રજુઆતો કરતું રહયું છે.

રાજકોટના અતિ આધુનિક બસ સ્ટેશન નિર્માણાધિન છે. તે વાત આપ જાણતા જ હશો. અમોને જણાવતા આનંદ થાય છે કે આ અંગેની રજુઆત ઇ.સ. ૨૦૦૮ થી લઇને વારંવાર અમો કરતા રહયા હતા. જે અંગેની જાણકારી અત્રે પ્રસ્તુત છે. જેના કેટલાક અંશો અહી રજુ કરેલ છે. આ રજુઆતમાં આપ સૌનાં સાથ-સહકાર અને સફળતા માટે ખૂબ-ખૂબ અભિનંદન.

આપનાં પ્રતિભાવો અમોને વધુ બળ આપશે.(૯૪૨૮૫૦૬૦૧૧)

" માનવ સેવા એજ પ્રભુ સેવા "

જન કલ્યાણ મંચ

કાર્યાલય : "શ્રી હરિ ઉપકાર", ૧-ગીતાનગર, રાજકોટ-૩૬૦ ૦૦૨

રેફ : નં. ૨૩ | તારીખ : ૧૩-૧૨-૨૦૦૮

પ્રતિ,
રાજકોટ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,
રાજકોટ મહાનગર પાલિકા,
રાજકોટ.

બાબતઃ રાજકોટનું મુખ્ય એસ. ટી. બસ સ્ટેન્ડ ને અતિ આધુનિક કરવા બાબત.

માનનિય સાહેબશ્રી,

રાજકોટ શહેર નો વ્યાપ તથા ચારેય બાજુ શહેરની વસ્તી રોજબરોજ વધતી જાય છે. રાજકોટ સૌરાષ્ટ્રનું પાટનગર સમુ છે. રાજકોટ માં રૂડા થતા રીંગ રોડ નો પ્રોઝેકટ ૧૯૭૭ માં હાથ ધરેલ, અને અત્યારે ૨૦૦૭ માં બહાર ના રીંગ રોડનો પ્રોઝેકટ હાથ ધરેલ છે. ૧૯૮૨ માં જામનગર રોડ ઉપર ઓવર બ્રીજ કરવામાં આવેલ, તેમજ ૨૦૦૧ માં કાલાવાડ રોડ ઉપર અન્ડર બ્રીજ નું કામ પુર્ણ કરેલ. અત્યારે ઈન્દારા સર્કલ પાસે ઓવર ફલાય તેમજ સ્વામીનારાયણ ગુરૂકુલ પાસે 'ટી' ઓવર બ્રીઝ નું કામ તુરંત માં શરૂ થનાર છે.

આવી રીતે રાજકોટ નો વિકાસ થઈ રહયો છે. આ વિકસતા રાજકોટ ને રાજકોટ ની આસપાસ તથા બહાર ગામ નો વ્યવહાર કુદકે ને ભુસકે વધતો જાય છે. તે રીતે જોતા હાલનું એસ. ટી. બસ સ્ટેન્ડ ખુબજ નાનુ પડે છે. જેને વિસ્તારવાની તથા અતિ આધુનિક કરવાની તાતી જરૂરીયાત છે.

જેમ કે (૧) જુની કલેકટર ઓફિસ સ્થાન ફેર કરી નવી અને આધુનીક બનાવેલછે.
(૨) જુની પોલીસ કમીશ્નર ઓફિસ થોડો સ્થાન ફેર કરી નવી અને આધુનીક બનાવેલ છે.
(૩) ક્રિકેટ સ્ટેડિયમને સ્થાન ફેર કરી અત્યાંધુનીકરણ માં ઈન્ટરનેશનલ સ્ટેડિયમ સમકક્ષ તૈયાર થઈ રહેલ છે.

ઉપરોકત વિકાસ જોતા આ મુખ્ય એસ. ટી. બસ સ્ટેન્ડ નો વિકાસ કરી અત્યાંધુનીકરણ કરવુ તે અત્યંત જરૂરી છે. નિચે મુજબ ના સ્થાને રા. મ્યુ. કમિ. શ્રી ની ઓફિસ મહાનગર પાલિકા સાથે ફેરવી મુખ્ય બસ સ્ટેન્ડને આ સંપુર્ણ જગ્યા આપી અને તેનો વિકાસ કરી શકાય તેમ છે.

રા. મ્યુ. કમિ. શ્રી ની ઓફિસ તથા મહાનગર પાલિકા બનાવી સકાય તેવા સંભવીત સ્થળો.

(૧) જુની કલેકટર ઓફિસ હતી તે જગ્યા.
(૨) નવી કલેકટર ઓફિસ ની બાજાુની જગ્યા.
(૩) પી. ડી. માલવીયા કોલેજ સામેની જગ્યા જે એસ. ટી. ડેપોની માલીકીની છે.
(૪) બહુમાળી ભવન થયું ત્યારે તેની જુની ઓફિસો સ્થાળાંતર કરતા ખાલી પડેલ જગ્યા.
(૫) જુની ટ્રેઝરી ઓફિસ હતી તેનો વિકાસ કરીને તેજ જગ્યા અથવા બહુમાળી ભવનની આસપાસ
(૬) એસ. ટી. ને મહાનગર પાલિકાની જગ્યા આપીને તેની પાસેથી તેટલીજ જગ્યા એસ. ટી. ની માલીકીની ભાવનગર રોડ ઉપર ૮૦ ફુટ રોડ મળે છે ત્યાં એસ.ટી. ડેપોની જગ્યા છે. તે જગ્યાએ મહાનગર પાલિકાની ઓફિસ બનાવી શકાય.
(૭) રા.મ્યુ.કમિ. શ્રી નકકી કરે તે અન્ય જગ્યાએ.

એટલેકે અત્યારે રીનોવેશન કામ ચાલે છે તે તુરંત થંભાવી દઈ ઉપરોકત દ્રષ્ટીકોણ થી વિચારાય તો હાલ આ કામ પાછળ ખર્ચાતા માનવ કલાકો અને આર્થિક સંપદાને બચાવી શકાય. સમગ્ર આધુનિક ઓફિસ અન્ય જગ્યાએ બનાવી અને વિકાસ કરવો જોઈએ.

હાલ રાજકોટ મ્યુનિસીપાલ કમિશ્નર શ્રી બ્રમ્હભટ સાહેબે લોકોઉપયોગી કામ માટે તથા લોકોના હિત માં કામ કરવા બદલ સારી એવી નામના મેળવેલ છે. સદરહુ કામ માં પણ પુરેપુરો સાથ સહકાર આપી રાજકોટની જનતા તથા શહેર ના વિકાસ માટે કાર્યવાહી હાથ ધરી અને રાજકોટ ને એક ચીર સંભારણુ બક્ષે તેવી આશા સાથે વિરમુ છું.

ઉમેશ આર. મહેતા
સંયોજક
જન કલ્યાણ મંચ, રાજકોટ.

સાદર નકલ રવાના :
૧) કલેકટરશ્રી, રાજકોટ
૨) મેયરશ્રી, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન
૩) શ્રી જી. આર. અલોરીયા સાહેબશ્રી, મેનેજીંગ ડાયરેકટરશ્રી, ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ, ગીતામંદિર પાસે, અમદાવાદ
૪) ડીવીઝનલ કંટ્રોલર શ્રી, જીએસઆરટીસી, ગોંડલ રોડ, રાજકોટ
૫) ચેરમેનશ્રી, સ્ટેન્ડીંગ કમીટી રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન, રાજકોટ

ઈનવર્ડ કલાર્ક
વિભાગીય કચેરી,
એસ. ટી., રાજકોટ

૨૦-૧૨-૦૮ - ગુજરાત સમાચાર

રાજકોટ એસ.ટી. ડેપોની જગ્યા વિસ્તારવા માંગણી

રાજકોટ, શુક્રવાર

રાજકોટના વધતા જતા એસ.ટી. બસ વ્યવહારને લીધે પ્રવર્તમાન એસ.ટી. ડેપો ખુબ નાનો પડતો હોવાથી આ એસટી ડેપોના નવીનીકરણની યોજના જન કલ્યાણ મંચ દ્વારા રજુ કરવામાં આવી છે. રાજકોટ મ્યુ. કોર્પોરેશન ઓફિસનું અન્યત્ર સ્થળાંતર કરીને આ જગ્યા એસ.ટી. ડેપોને ફાળવી દેવામાં આવે તો એસ.ટી. ડેપોનું સંચાલન વધુ સરળ બને તેમ જણાવાયું છે. ૨૦-૧૨-૦૮

૨૦-૧૨-૦૮ - સાંજ સમાચાર

બસ સ્ટેન્ડ સ્થળાંતર માગે છે !

હાલ બસ સ્ટેન્ડ નાનુ પડે છે, વિસ્તારવાની અને આધુનિક કરવાની જરૂરિયાત: મ્યુ.કમિશનરને રજૂઆત કરતું જન કલ્યાણમંચ

રાજકોટ,. તા.૨૦

રાજકોટ હાલમાં અતિ વિકાસ પામી રહ્યું છે. વિકસતા રાજકોટની આસપાસનો વ્યવહાર ખુબ જડપથી વધી રહ્યો છે. પરિણામે હાલનું એસ.ટી. સ્ટેશન ખુબ જનાનું પડે છે અને તેને વિસ્તારીને આધૂનિક કરવાની જરૂરિયાત છે તેવી લેખિત રજૂઆત જનકલ્યાણ મંચના સંયોજક ઉમેશ મહેતાએ રાજકોટ મ્યુનિસિપલ કમિશનરને કરી છે.

ઉમેશ મહેતાએ જણાવ્યું હતું કે, રાજકોટ મ્યુનિસિપલ કમિશનરની ઓફિસ અને મહાનગરપાલિકા બનાવી શકાય તેવા જુની કલેકટર ઓફિસની જગ્યા નવી કલેકટર ઓફિસની બાજુની જગ્યા, માલવિયા કોલેજ સામેની એસ.ટી. ડેપોની માલિકીની જગ્યા, બહુમાળી ભવન બનતા ખાલી પડેલી ઓફિસોની જગ્યા, જુની ટ્રેઝરી ઓફિસની જગ્યા અને ભાવનગર રોડ પર ૮૦ ફૂટ રોડ જ્યાં એસ.ટી. ડેપોની જગ્યાઓ છે ત્યાં મહાનગરપાલિકા ઓફિસ બનાવી શકાય તેવી સંભવિત જગ્યાઓ છે.

ઉમેશ મહેતાના જણાવ્યાનુસાર હાલમાં જે રિનોવેશન કામ ચાલી રહ્યું છે તે અટકાવી દેવું જોઈએ જેથી કામ પાછળ ખર્ચાના માનવ કલાકો અને આર્થિક સંપત્તિ બચાવી શકાય. આ અંગે વિશાળ દ્રષ્ટીકોણથી વિચારીને અન્ય જગ્યાએ આધૂનિક ઓફિસ બનાવીને વિકાસ કરવો જોઈએ. આ અંગે યોગ્ય વિચારણા કરીને રાજકોટના વિકાસને અવિરતપણે ચાલુ રાખી શકાય તેવી લેખિત રજૂઆત કરવામાં આવી હતી. આ નિવેદનની નકલ રાજકોટ કલેકટર કાર્યાલયે, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયરના કાર્યાલયે, અમદાવાદ ગીતા મંદિર પાસે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના જી.આર. અલોરીયાના કાર્યાલયે, રાજકોટ જીએસઆરટીસીના ડિવિઝનલ કંટ્રોલરના કાર્યાલય અને રાજકોટ સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેનના કાર્યાલયે પહોંચાડવામાં આવેલ છે.

" માનવ સેવાએજ પ્રભુ સેવા "

જન કલ્યાણ મંચ

કાર્યાલય : "શ્રી હરિ ઉપકાર", ૧–ગીતાનગર, રાજકોટ–૩૬૦ ૦૦૨ M-૯૪૨૮૫૦૬૦૧૧

રેફ: નં. ૪૨૨ તારીખ : ૨૦-૦૫-૦૮

પ્રતિ શ્રી,
મ્યુનિ. કમિશ્નર સાહેબ શ્રી,
રાજકોટ મ્યુ. કોર્પો.
રાજકોટ.

વિષય : રાજકોટનું મુખ્ય એસ.ટી. બસ સ્ટેન્ડને અતિ આધુનિક કરવા બાબત.

સંદર્ભ : (૧) નં. ૦૩/૦૮ ૦૫. તા. ૨૩-૨૯-૦૮
(૨) સ્વાગત કલબ. તા. ૨૧-૩-૦૫
(૩) ગોલ્ડબાલા ચેરી. ૪૬૨ તા. ૧૪-૫-૦૫

માનનિય સાહેબ શ્રી,

સૌરાષ્ટ્રના પાટનગર સમા રાજકોટ શહેરનો વિકાસ ખુબ જ ઝડપથી વધતો રહ્યો છે ત્યારે રાજકોટનાં એસ.ટી. બસ સ્ટેન્ડનાં આધુનિકરણ અને વિસ્તારવાની વાતી જરૂરિયાત ઊભી થઈ છે. [illegible] અને [illegible] સુખાકારી અને સગવડતા વધે તે માટે [illegible] આપશ્રીને ઉપરોક્ત સંદર્ભ (૧) થી અરજ કરેલ. અમારા આ કાર્યમાં અમોએ ઉપરોક્ત સંદર્ભ (૨) થી રાજકોટની નામાંકિત સંસ્થાઓ પણ સંદર્ભપત્ર (૨) અને (૩) થી [illegible] છે. જેની નકલ આ સાથે સામેલ છે. [illegible] રાજકોટનાં વિકાસ માટેનાં ઘણાં પ્રોજેક્ટ હાથ ધર્યા છે ત્યારે આપશ્રી દ્વારા રાજકોટની જનતાને વધુ એક નજરાણું મળે એ જ આશા સાથે વિરમું છું.

ઉમેશ આર. મહેતા
સંયોજક,
જન કલ્યાણ મંચ, રાજકોટ.

નકલ રવાના :
(૧) શ્રી કલેકટર સાહેબશ્રી, રાજકોટ
(૨) ડીવીઝનલ કંટ્રોલર, GSRTC, રાજકોટ
(૩) મેનેજીંગ ડાયરેક્ટર, GSRTC, અમદાવાદ.
(૪) શ્રી [illegible] રાજકોટ.

૭/૮

૨૫-૧૨-૦૮ - અકિલા

એસ.ટી. બસ સ્ટેન્ડનો વિકાસ કરવા સુચન

રાજકોટ તા.૨૫ : અત્રેની જનકલ્યાણ મંચ સંસ્થાના ઉમેશભાઈ મહેતાએ મ્યુ.કમિશ્નરશ્રીને પત્ર પાઠવી અને રાજકોટના મુખ્ય એસ.ટી. બસ સ્ટેન્ડનું આધુનિકીકરણ અને વિકાસ કરવા માટે કેટલાક મહત્વના સુચનો કર્યા છે.

જેમાં જણાવાયુ છે કે મ્યુ.કોર્પોરેશનની કચેરીને જુની કલેકટર કચેરી કે અન્ય સ્થળે ફેરવી આ જગ્યા એસ.ટી. બસ સ્ટેન્ડનો વિકાસ અને આધુનિકરણ માટે ફાળવી શકાય આ તકે ઉમેશભાઈ મહેતાએ એસ.ટી. બસ સ્ટેન્ડના વિકાસ અંગેના અન્ય સુચનો 'શ્રી હરિ ઉપકાર-૧, ગીતાનગર ખાતે જનકલ્યાણ મંચને મોકલવા જાહેર જનતાને અનુરોધ કર્યો છે.'(૮-૧૫)

૨૬-૧૨-૦૮ - ફુલછાબ

શહેર અને વસતિના વ્યાપ સાથે રાજકોટના બસ સ્ટેન્ડનું વિસ્તૃતિકરણ જરૂરી

રાજકોટ શહેરનો વ્યાપ તથા શહેરની વસતિ રોજબરોજ વધતી જાય છે. રાજકોટ સૌરાષ્ટ્રનું પાટનગરસમું છે. રાજકોટમાં રીંગ રોડનો પ્રોજેકટ ૧૯૭૭માં હાથ ધરેલ અને અત્યારે ૨૦૦૭માં બહારના રીંગ રોડનો પ્રોજેકટ હાથ ધરેલ છે.

૧૯૮૨માં જામનગર રોડ ઉપર ઓવરબ્રીજ કરવામાં આવેલ તેમજ ૨૦૦૧માં કાલાવાડ રોડ ઉપર અન્ડર બ્રીજનું કામ પૂર્ણ કરેલ. અત્યારે ઈન્દીરા સર્કલ પાસે ઓવર ફલાય તેમજ સ્વામિનારાયણ ગુરુકુલ પાસે 'ટી' ઓવર બ્રીઝનું કામ તુરંતમાં શરૂ થનાર છે.

આવી રીતે રાજકોટનો વિકાસ થઈ રહ્યો છે. આ વિકસતા રાજકોટને રાજકોટની આસપાસ તથા બહારગામનો વ્યવહાર કુદકે ને ભુસકે વધતો જાય છે તે રીતે જોતા હાલનું એસ.ટી. બસ સ્ટેન્ડ ખૂબજ નાનુ પડે છે. જેને વિસ્તારવાની તથા અતિ આધુનિક કરવાની તાતી જરૂરિયાત છે.

રાજકોટ મહાનગરપાલિકાની કચેરીને જૂની કલેકટર ઓફિસ હતી ત્યાં અથવા નવી કલેકટર ઓફિસની બાજુમાં ફેરવી એ જમીન પર બસ સ્ટેન્ડનું વિસ્તૃતિકરણ કરવું જોઈએ. આ ઉપરાંત પી.ડી. માલવીયા કોલેજ

પ્રજામત

સામેની જગ્યા જે એસ.ટી. ડેપોની માલીકીની છે. બહુમાળી ભવન થયું ત્યારે તેની જૂની ઓફિસો સ્થળાંતર કરતા ખાલી પડેલ જગ્યા.

જૂની ટ્રેઝરી ઓફિસ હતી તેનો વિકાસ કરીને તેજ જગ્યા અથવા બહુમાળી ભવનની આસપાસ એસ.ટી.ને મહાનગરપાલિકાની જગ્યા આપીને તેની પાસેથી તેટલી જ જગ્યા એસ.ટી.ની. માલીકીની ભાવનગર રોડ ઉપર ૮૦ ફૂટ રોડ મળે છે ત્યાં એસ.ટી. ડેપોની જગ્યા છે તે જગ્યાએ મહાનગરપાલિકાની ઓફિસ બનાવી શકાય. રા. મ્યુ. કમિ. નકકી કરે તે અન્ય જગ્યાએ.

એટલે કે અત્યારે રીનોવેશન કામ ચાલે છે તે તુરંત થંભાવી દઈ ઉપરોકત દ્રષ્ટિકોણથી વિચારાય તો હાલ આ કામ પાછળ ખર્ચાતા માનવ કલાકો અને આર્થિક સંપદાને બચાવી શકાય.

-ઉમેશ મહેતા
(જનકલ્યાણ મંચ)

૨૫-૫-૦૯ - ફુલછાબ

રાજકોટ મહાનગરપાલિકાની કચેરી અન્યત્ર ફેરવી એ જગ્યાએ બસસ્ટેન્ડ વિસ્તારી શકાય

રાજકોટ શહેરનો વ્યાપ તથા વસ્તી રોજબરોજ વધતી જાય છે. રાજકોટ સૌરાષ્ટ્રનું પાટનગર સમુ છે. રાજકોટમાં રૂડા થતા રીંગ રોડનો પ્રોજેકટ ૧૯૭૭માં હાથ ધરેલ અને અત્યારે ૨૦૦૭માં બહારના રીંગ રોડનો પ્રોજેકટ હાથ ધરેલ છે. ૧૯૮૨માં જામનગર રોડ ઉપર ઓવર બ્રીજ કરવામાં આવેલ, તેમજ ૨૦૦૧માં કાલાવાડ રોડ ઉપર અન્ડર બ્રીજનું કામ પૂર્ણ કરેલ. અત્યારે ઈન્દિરા સર્કલ પાસે ઓવર ફલાય તેમજ સ્વામિનારાયણ ગુરુકુલ પાસે 'ટી' ઓવર બ્રીજનું કામ તુરંતમાં શરૂ થનાર છે.



ઝડપથી રાજકોટનો વિકાસ થઈ રહ્યો છે. આ વિકસતા રાજકોટને રાજકોટની આસપાસ તથા બહાર ગામનો વ્યવહાર કૂદકે ને ભૂસકે વધતો જાય છે. તે રીતે જોતા હાલનું એસ.ટી. બસસ્ટેન્ડ ખૂબ જ નાનું પડે છે. જેને વિસ્તારવાની તથા અતિ આધુનિક કરવાની તાતી જરૂરિયાત છે.

જેમકે (૧) જૂની કલેકટર ઓફિસ સ્થાન ફેર કરી નવી અને આધુનિક બનાવેલ છે. (૨) જૂની પોલીસ કમિશ્નર ઓફિસ થોડો સ્થાન ફેર કરી નવી અને આધુનિક બનાવેલ છે. (૩) ક્રિકેટ સ્ટેડિયમને સ્થાન ફેર કરી અત્યાધુનિક ઈન્ટરનેશનલ સ્ટેડિયમ સમકક્ષ તૈયાર થઈ રહેલ છે.

ઉપરોક્ત વિકાસ જોતા હાલના મુખ્ય એસ.ટી. બસ સ્ટેન્ડનો વિકાસ કરી અત્યાધુનિક કરવું તે અત્યંત જરૂરી છે. નીચે મુજબના સ્થાને રા. મ્યુ. કમિ. શ્રી ની ઓફિસ મહાનગરપાલિકા સાથે ફેરવી મુખ્ય બસ સ્ટેન્ડને આ સંપૂર્ણ

મંતવ્ય

ઉમેશ મહેતા

જગ્યા આપી અને તેનો વિકાસ કરી શકાય તેમ છે.

રા.મ્યુ. કમિ. શ્રી ની ઓફિસ તથા મહાનગરપાલિકા બનાવી શકાય તેવા સંભવીત સ્થળો. (૧) જૂની કલેકટર ઓફિસ હતી તે જગ્યા. (૨) નવી કલેકટર ઓફિસની બાજુની જગ્યા. (૩) પી.ડી. માલવિયા કોલેજ સામેની જગ્યા જે એસ.ટી. ડેપોની માલીકીની છે. (૪) બહુમાળી ભવન થયું ત્યારે તેની જૂની ઓફિસો સ્થાળાંતર કરતા ખાલી પડેલ જગ્યા. (૫) જૂની ટ્રેઝરી ઓફિસ હતી તેનો વિકાસ કરીને તેજ જગ્યા અથવા બહુમાળી ભવનની આસપાસ (૬) એસ.ટી.ને મહાનગરપાલિકાની જગ્યા આપીને તેની પાસેથી તેટલી જ જગ્યા એસ.ટી.ની માલીકીની ભાવનગર રોડ ઉપર ૮૦ ફૂટ રોડ મળે છે ત્યાં એસ.ટી. ડેપોની જગ્યા છે. તે જગ્યાએ મહાપાલિકાની ઓફિસ બનાવી શકાય.

એટલે કે અત્યારે રીનોવેશન કામ ચાલે છે તે તુરંત થંભાવી દઈ ઉપરોક્ત દ્રષ્ટીકોણથી વિચારાય તો હાલ આ કામ પાછળ ખર્ચાતા માનવ કલાકો અને આર્થિક સંપદાને બચાવી શકાય. સમગ્ર આધુનિક ઓફિસ અન્ય જગ્યાએ બનાવી અને વિકાસ કરવો જોઈએ.

૬-૮-૦૯ - ફૂલછાબ

પ્રજામત

પાણીકાપ કયારે મૂકવો જોઈએ તે અંગે શાંતિથી વિચાર કરવો જરૂરી

સમગ્ર શહેરને પીવા-વાપરવાનું પાણી પુરું પાડે તેવા આજી ડેમ અને ન્યારી ડેમ રાજકોટમાં છે. આ વિશાળ ડેમમાં વરસાદથી જરૂરી પાણી સંગ્રહ થાય તો આખું વર્ષ સારી રીતે પસાર થઈ શકે છે. લગભગ દર વર્ષે વરસાદ પુરતો જ પડે છે અને મોટા ભાગે આખું વર્ષ નિર્વિઘ્ને પસાર થાય છે.

ખાસ કરીને અષાઢ-શ્રાવણ મહીના વરસાદ માટેના મહીનાઓ છે. શ્રાવણ મહીનો પુરો થાય ત્યાં સુધીમાં મોટા ભાગે દર વર્ષે પુરતો અને સારો વરસાદ હોય જ છે. અષાઢ મહીનાની શરૂઆતમાં પાણી કાપ મુકી કામ કરતા શાસક પક્ષે બહુ જ ઉતાવળે નિર્ણય લીધો છે. આ અંગે મીટીંગો-ઠરાવો કરીને માનવ શક્તિ-આર્થિક સંપદા અને ખૂબજ કિંમતી સરકારી સમયનો બગાડ કર્યો છે. અત્યારે એ સ્થિતિ આવી છે કે, પાણી કાપ ઉઠાવી લેવો પડે જેને માટે ફરીથી મીટીંગો-ઠરાવો અને આર્થિક સંપદા અને સમયનો બગાડ કરવાનો અને બોનસ રૂપે વિરોધપક્ષ દ્વારા અનેક રજૂઆતો-આંદોલનો-સરકારી કામમાં રૂકાવટ, મ્યુ. કોર્પોરેશનની મીલ્કતને નુકસાન તથા ડેપ્યુટી કમિ. તથા તેના જેવા અનેક લોકોના અપમાનો થયાં છે.

મુળ વાત એ છે કે રાજકોટમાં પાણી કાપ કરવો એટલે પાણી પહેલા પાળ બાંધવી. ખરેખર તો પાણી કાપ ઉનાળો શરૂ થાય ત્યારે એટલે કે ફાગણ કે ચૈત્ર મહીનાથી પાણી કાપ કરવો જોઈએ. પરંતુ તેનાથી થોડું આગળ વિચારીએ તો એટલે કે પાણી આવે તે પહેલા પાળ બાંધવી હોય તો અષાઢ-શ્રાવણ-ભાદરવો-આસો આ ચાર ચોમાસાના વરસાદના મહીના છે. ચોમાસાનો ૬૦% થી ૭૦% સમય પસાર થયા પછી જ પાણી કાપ મુકવો જોઈએ. એટલે કે ભાદરવો મહીનો અડધો લગભગ પુરો થાય પછી જ પાણી કાપ મુકવો જોઈએ. જેથી તે પરત પાણી કાપ ઉઠાવી લેવાની કે કોઈના અપમાન સહન કરવાનો સમય ન આવે. આવી રીતે પાણી કાપ મુકીને પછી ફરીથી પાણી કાપ ઉઠાવી લેવાનો-રદ કરવાનો પ્રસંગ ન આવે.

- ઉમેશ આર. મહેતા

આજી ડેમમાંથી કાંપ કાઢવા અંગે

રાજકોટના મુખ્ય જળસ્ત્રોત સમી આજી નદીમાં અઢળક કાંપ જમા થઇ જવાનાં લીધે ડેમની જળ સગ્રહ ક્ષમતા ખુબ ઘટી જવા પામેલ જે અંતર્ગત જનકલ્યાણ મંચે લાગુ પડતા પદાધિકારીશ્રીઓ –અધિકારીશ્રીઓને સૌ પ્રથમ તા.૩૧–૮–૨૦૦૯ નાં રોજ રજુઆત કરેલ. અને આજી નદીમાંથી સત્વરે કાંપ કાઢી લઇ તે કાંપથી અન્ય ખેડુતોને પણ લાભકર્તા બને તેવું સૂચન કરેલ. કાંપ નીકળી જવાથી સંગ્રહક્ષમતા વધતાં રાજકોટની પ્રજા માટે પાણીનો પ્રશ્ન પણ હળવો થઇ શકે. ટ્રસ્ટની ૬–૪–૧૫ ની ફરીથી થયેલ રજુઆત ને ધ્યાને લઇને તંત્ર દ્વારા તા.૭–૪–૧૫ થી જ કાર્યવાહી શરૂ કરવામાં આવેલ. તેમજ માનનીય શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ ગુજરાતનાં મુખ્યમંત્રી બનતાં જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી આ કાંપ કાઢવાનાં કાર્યમાં વેગ લાવવા ફરીથી તા.૭–૫–૧૭ રજુઆત કરેલ. અમારી રજુઆતના કેટલાક અંશો અહી રજુ કરેલ છે

આમ આપણાં પ્રજાકીય હીતનાં સૂચનોને ધ્યાને લઇ તંત્ર હંમેશ સહકાર આપી રહયું છે. તે બદલ ખુબ ખુબ ધન્યવાદ. આપનાં પ્રતિભાવો અમોને વધુ બળ આપશે. (૯૪૨૮૫૦૬૦૧૧)

જન કલ્યાણ મંચ

કાર્યાલય : "શ્રી હરિ ઉપકાર", ૧–ગીતાનગર, રાજકોટ–૩૬૦ ૦૦૨

રેફ : નં. શ્રી + ૧૫૧૫ / ૩ તારીખ : ૦૩–૦૮–૨૦૦૯

પ્રતિશ્રી,
રાજકોટ મ્યુ. કમી. શ્રી
રાજકોટ.

બાબતઃ **'જળ એજ જીવન' અંગે શાંતિથી વિચારવા જેવું.**

માનનીય સાહેબશ્રી,

સમગ્ર રાજકોટને પીવા – વાપરવાનું પાણી પુરૂ પાડે તેવા આજી ડેમ અને ન્યારી ડેમ રાજકોટમાં છે. આ વિશાળ ડેમમાં વરસાદથી જરૂરી પાણી સંગ્રહ થાય તો આખુ વર્ષ સારી રીતે પસાર થઈ શકે છે. લગભગ દર વર્ષે વરસાદ પુરતો જ પડે છે. અને મોટા ભાગે આખું વર્ષ નિર્વિઘ્ને પસાર થાય છે. ઉપરાંત હમણાં થોડા સમયથી નર્મદાનું પાણી પણ રાજકોટને આર્શીવાદ રૂપ છે. અને મળી રહયું છે. તે ખુબ જ આનંદની વાત છે. આ સરકાર ભા. જ. પ. ની હોય કે કોંગ્રેસની હોય પરંતુ દરેકે ગૌરવ લેવા જેવી વાત છે.

ખાસ કરીને અષાઢ – શ્રાવણ મહીના વરસાદ માટેના મહીનાઓ છે. શ્રાવણ મહીનો પુરો થાય ત્યાં સુધીમાં મોટા ભાગે દર વર્ષે પુરતો અને સારો વરસાદ હોય જ છે. અષાઢ મહીનાની શરૂઆતમાં પાણી કાપ મુકી કામ કરતા શાસક પક્ષે બહુ જ ઉતાવળે નિર્ણય લીધો છે. આ અંગે મીટીંગો – ઠરાવો કરીને માનવ શકિત – આર્થીક સંપદા અને ખુબ જ કિંમતી સરકારી સમયનો બગાડ કરેલ છે. અત્યારે એ સ્થિતિ આવી છે કે પાણી કાપ ઉઠાવી લેવો પડે જેને માટે ફરીથી મીટીંગો – ઠરાવો અને આર્થિક સંપદા અને સમય નો બગાડ કરવાનો અને બોનસ રૂપે વિરોધપક્ષ ધ્વારા અનેક રજુઆતો – આંદોલનો – સરકારી કામમાં રૂકાવટ, મ્યુ. કોર્પોરેશનની મીલ્કતને નુકશાન તથા ડેપ્યુટી કમી. શ્રી તથા તેના જેવા અનેક લોકોના અપમાનો થયા છે.

જો કે સતાધારી પક્ષ ગમે તે હોય તો પણ ઉપર મુજબ જ પરિસ્થિતિ થવાની છે. સતા ઉપર હોય કે વિરોધપક્ષે હોય તેમને સમાજ સેવાના હેતુથી કોર્પોરેટર તરીકે રાજકોટની જતાનએ ચુટીને મોકલ્યા છે અને સતા સોપેલ છે. અત્યારે પરિસ્થિતિ એવી છે કે તેમાનાં મોટા ભાગનાઓને સમાજ સેવા કરવા કરતાં પોતાના નામનો કે હું કહું તેવું જ થાય, જસ લેવો વગેરે પ્રકારનું, ખેર્. આ અંગે લખવું હોય તો ઘણું જ લખી શકાય તેમ છે.

મુળ વાત એ છે કે રાજકોટમાં પાણી કાપ કરવો એટલે પાણી આવે તે પહેલા પાળ બાંધવી. ખરેખર તો પાણી કાપ ઉનાળો શરૂ થાય ત્યારે એટલે કે ફાગણ કે ચૈત્ર મહીના થી પાણી કાપ કરવો જોઈએ. પરંતુ તેનાથી થોડું આગળ વિચારીએ તો એટલે કે પાણી આવે તે પહેલા પાળ બાંધવી હોય તો અષાઢ – શ્રાવણ – ભાદરવો – આસો આ ચાર ચોમાસાના વરસાદના મહીના છે. ચોમાસાનો ૬૦% થી ૭૦% સમય પસાર થયા પછી જ પાણી કાપ મુકવો જોઈએ. એટલે કે ભાદરવો મહીનો અડધો લગભગ પુરો થાય પછી જ પાણી કાપ મુકવો જોઈએ. જેથી તે પરત પાણી કાપ ઉઠાવી લેવાની કે કોઈના અપમાન સહન કરવાનો સમય ન આવે. આવી રીતે પાણી કાપ મુકીને પછી ફરીથી પાણી કાપ ઉઠાવી લેવાનો – રદ કરવાનો પ્રસંગ ન આવે.

હવેથી ભવિષ્યમાં આવું ન થાય તે માટે મારા ઉપરોકત અભિપ્રાયને શાંતિથી વિચારવામાં આવે તો તે થુંકેલું પાછું ચાટવાનો વારો કયારેય નહી આવે અને આ સમય – શકિત અને આર્થિક સંપદાનો ઉપયોગ રાજકોટના વિકાસ ના કાર્યો માટે વાપરી શકાશે. જેવા કે રાજકોટની કુદકે ભુસકે વધતી જતી વસ્તીને ધ્યાનમાં લઈ આજીડેમ માં ભરાયેલ કાંપ કાઢવામાં આવે અને આજી ડેમ ને થોડો ઉડો કરવામાં આવે તો તે આજીવન આર્શીવાદ રૂપ થઈ શકશે.

રાજકોટ મ્યુ. કમી. શ્રી, મેયરશ્રી, સ્ટેન્ડીગ કમીટીના ચેરમેનશ્રી, ધ્વારા રંગીલા રાજકોટમાં ઓવર ફલાય, રીંગ રોડ, સ્ટેડીયમ, ટી–ઓવર બ્રીજ જેવા અતિ સારા અને મહત્વના અને સુંદર નિર્ણયો કરી વેગવાન કરેલ છે. તો આ આજીડેમનો કાંપ કાઢી અને જરૂરી ઉડો કરવામાં આવે તો તે ખરેખર રાજકોટની જનતા માટે ઘણો જ ઉપયોગી નિર્ણય થઈ શકશે.

આપનો આભાર

ઉમેશ આર. મહેતા
સંયોજક
જનકલ્યાણ મંચ, રાજકોટ.

– કલેકટરશ્રી,
– મેયરશ્રી,
– સ્ટે. કમીટીના ચેરમેનશ્રી,
– વિરોધપક્ષના નેતાશ્રી,
– દૈનિક અખબાર –૧૧ પ્રેસ

ઈન્વર્ડ કલાર્ક
કલેકટર કચેરી,
રાજકોટ.

o/c

૪-૮-૦૯ - અકિલા

આજી ડેમમાંથી કાંપ કઢાવોઃ જનકલ્યાણ મંચ

રાજકોટ તા. ૪ :.. શહેરની સામાજીક સંસ્થા જનકલ્યાણ મંચનાં સંયોજક ઉમેશ મહેતા એ શહેરની પાણી સમસ્યા ઉકેલવા માટે મ્યુ. કમિશ્નરને સુચન કરતાં જણાવ્યું છે કે આજી ડેમમાં કાંપનું પ્રમાણ વધી ગયુ હોવાથી તેમાં કાંપ કાઢીને ડેમને ઉંડો ઉતારી તેની જળસંગ્રહ શકિત વધારી શકાય.

ઉપરાંત શહેરમાં પાણી કાપ અંગે પણ ભાદરવો મહીનો અડધો પુરો થાય એટલે વિચારવુ જોઇએ જેથી પાણીની ગંભીર કટોકટીમાંથી ઉગરી શકાય. (૨-૧૭)

૪-૫-૧૩ - આજકાલ

આજી ડેમમાં કાંપ કાઢવાની કામગીરી વેગવંતી બનાવવી જરૂરીઃ જનકલ્યાણ મંચ

રાજકોટ

રાજકોટના હાર્દસમા આજી ડેમમાં કાંપ કાઢવાના કાર્યમાં વેગ લાવવા બાબતે જન કલ્યાણ મંચના સંયોજકે મ્યુનિ.કમિ.ને રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવ્યું છે કે, અત્યારે માત્ર બે બુલડોઝરથી અને માત્ર ૧૦-૧૫ ટ્રેકટરથી બે અલગ અલગ જગ્યાએ બહું જ ધીમી ગતિએ કામ ચાલે છે. જે કાર્ય ૧૫-૨૦કતેથી વધુ બુલડોલઝરથી અને તે અનુસંધાને ડમ્પર, ટ્રેકટરનો ઉપયોગ કરી ૨૪ કલાક કામ કરવું જરૂરી છે.

વધુમાં આ કાંપને ભાવનગર રોડની સમાંતર તથા તેની ડાબી બાજુએ ડેમરૂપે જમા કરવામાં આવે અને તેની આગળ આરસીસીની દિવાલ ઉભી કરી વચ્ચે પુલ બનાવી ઉપરવાસથી પાણી આવી શકે તેમજ ખોખડદડ નદીમાંથી પાણી આવી શકે અને આ રીતે આજી ડેમનો એરિયા વધારી તે જગ્યાએ રાજકોટનું એક નઝરાણું બની શકે તેવો પિકનીક પોઈન્ટ બનાવી શકાય તેમ જણાવી વધારાનો કાંપ ભાવનગર રોડની સામેની બાજુએ ઢગલો કરવા ઉલ્લેખ પત્રમાં કરાયો છે.

જન કલ્યાણ મંચ

૧૭-૭-૧૨

કાર્યાલયઃ "શ્રી હરિ ઉપકાર", ૧–ગીતાનગર, રાજકોટ–૩૬૦ ૦૦૨.

રેફ. નં. ૪૦૭ દરેક પ્રેસ / ૪૦૧ થી ૪૦૬   તારીખ: ૭–૭–૨૦૧૨

પ્રતિશ્રી,
રાજકોટ મ્યુનિ. કમીશ્નરશ્રી,
રાજકોટ.

બાબતઃ રાજકોટના હાર્દ સમા આજીડેમ ઉંડો કરવા અંગે.

મા. સાહેબશ્રી,

ઉનાળો પુર્ણ થયેલ છે તથા ૨૦ થી ૨૫% ચોમાસું પણ પુર્ણ થયેલ છે. જરૂરીયાત મુજબ હજુ વરસાદ આવેલ નથી તેમજ દુર ખેંચાઈ રહયો છે. રાજકોટમાં નાછુટકે પાણી કાપ મુકવાની ફરજ પડી છે.

આવા સમયે દર વર્ષે બેઠકો બોલાવી નાછુટકે નિર્ણયો લેવા પડે છે. તેના માટે કાયમી ઉકેલની હવે તાતી જરૂરીયાત છે.

આજી ડેમને ૧૦ થી ૧૫ મીટર ઉંડો કરવામાં આવે તેમજ ઘણા વર્ષો જુનો કાંપ કાઢવામાં આવે જેથી કરીને પાણીનો પુરતો સંગ્રહ થઈ શકે. આ કાર્ય દિલથી હાથમાં લેવામાં આવે અને યુધ્ધના ધોરણે પુર્ણ કરવામાં આવે તો અમોને ખાત્રી છે કે માત્ર આજી ડેમ જ સમગ્ર રાજકોટને આખું વર્ષ પાણી પુરૂ પાડી શકે તેમ છે.

આ સેવાકીય કાર્ય કોઈપણ પક્ષનું નહી પરંતુ દરેક કોર્પોરેટરનું છે. તેમ સમજી દરેક સાથ સહકાર આપી વહેલાસર પુર્ણ કરે તેવું નમ્ર નિવેદન આપશ્રીને કરીએ છીએ.

આપનો આભાર.

સાદર નકલ રવાનાઃ

1. શ્રી ડેપ્યુટી મ્યુ. કમી. શ્રી
2. મેયરશ્રી, રા. મ્યુ. કોર્પો.
3. ડેપ્યુટી મેયરશ્રી,
4. સ્ટેન્ડીંગ કમીટી ચેરમેનશ્રી,
5. વિરોધ પક્ષના નેતાશ્રી

O/C

૧૭/૭/૧૨

પ્રતિશ્રી તંત્રીશ્રી,
દરેક પ્રેસ રાજકોટ.

ઉપરોકત જનકલ્યાણ મંચની કાર્યવાહી અંગેની પ્રેસનોટ આપના દૈનિક પત્રમાં યોગ્ય સ્થાન આપવા નમ્ર વિનંતી.

આભાર,

રાજકોટ મહાનગરપાલિકા ... શાખા ... ૨૯૭૬ ... ૧૭/૭/૨૦૧૨

(ઉમેશ આર. મહેતા)
સંયોજક
જન કલ્યાણ મંચ, રાજકોટ.

૪-૮-૧૨ - ગુજરાત સમાચાર

મહાપાલિકા દ્વારા પ્રથમવાર શહેરી રાહત કામો અંગે સરકારને રિપોર્ટ

રાજકોટના આજી- ન્યારી ડેમો રાહત કામ તરીકે ઉંડા ઉતારાશે

રાજકોટ, શુક્રવાર

રાજકોટના આજી અને ન્યારી જળાશયો ઉંડા ઉતારવાનું કામ દાયકાઓ પછી પ્રથમવાર નક્કી કરાયાનું અને આ કામ શહેરી ગરીબોને રોજીરોટી આપતા રાહત કામ તરીકે શરૂ કરવા મહાપાલિકાએ સરકારને રિપોર્ટ કર્યાનું જણાવાયુ છે.

મ્યુનિ. સુત્રો અનુસાર છેલ્લે ઈ. ૨૦૦૨માં થયેલા સર્વે મુજબ રાજકોટમાં પાણી વિતરણ માટે આધારસ્થંભ આજી ડેમમાં ૧૦૦ એમ.સી.એફ.સી.ટી.થી વધારે કાંપ હતો જે હાલ ૧૫૦ એમ.સી.એફ.ટી.ને આંબી ગયેલ છે. તો રાજકોટ મહાપાલિકાની માલિકીના એકમાત્ર ન્યારી ડેમમાં હજુ સર્વે બાકી છે પણ અંદાજે ૧૦૦ એમ.સી.એફ.ટી.થી વધુ કાંપ હોવાની શકયતા છે. આમ આ બંને ડેમોમાંથી કાંપ દૂર કરવાનું કામ તાકીદે શરૂ કરાય તો આગામી ચોમાસા પહેલાં જો કાંપ દૂર થઈ શકે તો રાજકોટને જરૂરીયાતનું ૫૦ ટકા પાણી વધુ બે માસ સુધી મળી શકે તેમ છે. આટલા પાણી માટે મહાપાલિકા નર્મદા નીર માટે જે રકમ ચૂકવે છે તે હિસાબે અંદાજે રૂા. ૪ કરોડની બચત થવા ઉપરાંત જળ વિતરણ વધુ નિયમિત બની શકે છે. જો કે એકાદ પાર્ટીને કરોડો રૂા. ખટાવી દેતા મહાપાલિકાના શાસકો જેમાં સેંકડો ગરીબ કુટુંબોને (આજી ડેમ નજીક જ ગરીબ લોકોની સૌથી વધારે વસ્તી છે) રોજીરોટી મળે તે કામમા તત્પરતા દાખવે તે જરૂરી છે.

એક રૂપિયાના ખર્ચે ૨૪ લિટરનો વધુ સંગ્રહ!

સૌરાષ્ટ્રમાં ૩૦ કરોડના ખર્ચે ૨૪ ડેમો ઉંડા ઉતારવા નિર્ણય

રાજકોટ, શુક્રવાર

રાજકોટસ્થિત સિંચાઈ કચેરી હસ્તકના સૌરાષ્ટ્રના ૭૮ ડેમોમાંથી ૨૪ ડેમો રૂા.૩૦ કરોડના ખર્ચે ઉંડા ઉતારવા નિર્ણય લેવાયાનું આજે અધિકારીસૂત્રોએ જણાવ્યું હતું. હિસાબ કરતા એક રૂપિયાના ખર્ચે આશરે ૨૦થી ૨૪ લિટર વધુ પાણી ડેમોમાં સંગ્રહ કરી શકાશે!

રાજકોટ જિલ્લામાં મોતીસર, સાંકરોલી, છાપરવાડી, ગોંડલી તેમજ જામનગર જિલ્લામાં સસોઈ, સાની, પન્ના, કંકાવટી વગેરે કૂલ ૨૪ જળાશયોમાંથી મિકેનીકલી કાંપ દૂર કરવાની કામગીરી હાથ ધરાશે. સિંચાઈ વિભાગના અધિકારી પીપળીયાએ જણાવ્યા મૂજબ આશરે ૭૫ લાખ ઘનમીટર એટલે કે ૨૫૦ એમ.સી.એફટી. જેટલો જળસંગ્રહ ડેમોમાં વધશે. એકંદરે વધારાનું આશરે ૭૧૦ કરોડ લિ. (રાજકોટને ૧૦૦ દિવસ ચાલે તેટલું) પાણી સંગ્રહવાનો ખર્ચ આશરે ૩૦ કરોડ અંદાજાયો છે. આ કામગીરી ખાતાકીયે કરાશે. સૌરાષ્ટ્રના ૭૮ પૈકી ૨૨ ડેમો જાણે ક્રિકેટ મેદાનમાં ફેરવાઈ ગયા છે તો ૩૪ ડેમોમાં માત્ર ડેડવોટર છે.

બંને ડેમોમાં ૩૦૦ એમ.સી.એફટી. કાંપ દૂર થાય તો બંને વધુ બે માસ ચાલે

૨૪-૭-૧૨ - ફૂલછાબ

આજી ડેમનો વરસો જૂનો કાંપ ઉલેચો

પ્રજામત

વરસાદ આવેલ નથી. દૂર ખેંચાઈ રહ્યો છે ત્યારે રાજકોટમાં નાછૂટકે પાણી કાપ મુકવાની ફરજ તંત્રને પડી છે. તેના માટે કાયમી ઉકેલની તાતી જરૂરિયાત છે. જો આજી ડેમને ૧૦ થી ૧૫ મીટર ઉંડો કરવામાં આવે અને ઘણા વર્ષો જૂના કાંપને કાઢી લેવામાં આવે તો પાણીનો પુરતો સંગ્રહ થઈ શકે તેમ છે. આ બાબતે મહાનગરપાલિકાનું તંત્ર કશું વિચારશે ખરૂં.

(ઉમેશ આર. મહેતા)

૧૨-૬-૧૭ - ફૂલછાબ

આજી ડેમમાંથી કાપ કાઢવા વેગ લાવવો જરૂરી

પ્રજામત

રાજકોટના આજીડેમમાં કાંપ કાઢવાના કાર્યમાં વેગ લાવવો જરૂરી છે. અત્યારે માત્ર બે બુલડોઝરથી અને માત્ર ૧૦-૧૫ ટ્રેકટરથી બે અલગ-અલગ જગ્યાએ બહુ જ ધીમી ગતિએ કામ ચાલે છે. જે કાર્ય ૧૫-૨૦ કે તેથી વધુ બુલડોઝરથી અને તે અનુસંધાને ડમ્પર/ટ્રેકટરનો ઉપયોગ કરી ૨૪ કલાક કામ કરવું જરૂરી છે. અત્યારે ભાદર ડેમમાંથી કાંપ કાઢવાની કાર્યવાહી ચાલે જ છે તે મુજબ કરી શકાય.

અત્યારે ખેડૂતો જરૂર મુજબ આજી ડેમમાંથી કાંપ લઈ જાય છે પરંતુ કોઈ ખેડૂત પહોંચી શકે તેમ ન હોઈ તેના ખેતર સુધી કાંપ પહોંચાડવામાં આવે, જેથી સરકાર દ્વારા ખેડૂતોને અપાતી લોન/વ્યાજમાફી જેવી સહાય મળે છે તેમાં આ પ્રકારની એક વધુ સહાય ઉમેરી શકાય.

આ કાંપને ભાવનગર રોડની સમાંતર તથા તેની ડાબીબાજુએ ડેમ રૂપે જમા કરવામાં આવે અને તેની આગળ આર.સી.સી.ની દિવાલ ઉભી કરી વચ્ચે પુલ બનાવી ઉપરવાસથી પાણી આવી શકે તેમજ ખોખડદડ નદીમાંથી પાણી આવી શકે અને આ રીતે આજી ડેમનો એરિયા વધારી તે જગ્યાએ રાજકોટનું એક નઝરાણું બની શકે તેવો "પિકનીક પોઈન્ટ" બનાવી શકાય તેમ છે. વધારાનો કાંપ ભાવનગર રોડની સામેની બાજુએ ઢગલો કરવામાં આવે તેથી તે ફરીથી ડેમમાં ભરાય ન રહે. છેલ્લા ઘણા વરસોની સાપેક્ષમાં આ વરસે વરસાદ ઓછો થવાથી પાણીનું પ્રમાણ ઓછું છે, જે પાણીનો પહેલા ઉપયોગ કરી ડેમ ખાલી કરવામાં આવે અથવા તો એક સાઈડ વધુ ઉંડાઈ કરી તે જગ્યામાં પાણી શીફટ કરી બાકીના ભાગને ઊંડો કરી સમગ્ર આજીડેમ ઓછામાં ઓછો ૧૦ થી ૧૫ મીટર ઉંડા કરી શકયા તેમ છે. આ રીતે કરવાથી આજી ડેમમાં પાણીની સંગ્રહશક્તિ બે થી અઢી ગણી થઈ શકે તેમ છે.

- ઉમેશ મહેતા
(જન કલ્યાણ સાર્વજનિક ટ્રસ્ટ)

૨૯-૮-૦૯ - દિવ્યભાસ્કર

તમારી વાત

પાણી પ્રશ્ને માનવ શક્તિ-આર્થિક સંપદાનો બગાડ

રાજકોટના રહેવાસીઓ પીવાનું અને અન્ય પ્રકારે પાણી પૂરૂ પાડતા આજી અને ન્યારી ડેમમાં આ વર્ષે ઓછો વરસાદને કારણે જળ રાસીનો સંગ્રહ ઓછો થયો છે. આવી પરિસ્થિતિમાં શાસક પક્ષે અષાઢ માસની શરૂઆતમાં પાણીકાપ મૂકી ઉતાવળિયો નિર્ણય લીધો છે. આ અંગે શાસકપક્ષ મીટિંગો, ઠરાવો કરીને માનવ શક્તિ આર્થિક સંપદા અને ખુબ જ કિંમતી સરકારી સમયનો બગાડ કરેછે. પાણીકાપ ચોમાસાને ૬૦ થી ૭૦ ટકા સમય ગયા પછી જ મુકવો જોઈએ. ભાદરવો મહિનો અડધો પસાર થયા પછી પાણીકાપ મુકવો જોઈએ. જેથી લોકોની નારાજગીનો શાસકપક્ષોએ નેતાઓએ સામનો ન કરવો પડે.

-ઉમેશ આર. મહેતા, રાજકોટ

સ્થાપના : ૨૩-૧૨-૨૦૧૬ ॥ શ્રી કનકેશ્વરી પસ્ન્નોસ્તુ ॥ રજી. નં. ઈ/૧૦૫૬૬/રાજકોટ

જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ

જનકલ્યાણ સાર્વજનીક ચેરીટેબલ ટ્રસ્ટ

સેવા સહકાર સંગઠન

કાર્યાલય : ઉમેશ આર. મહેતા (ચેરમેન) - ''શ્રીહરિ ઉપકાર'', ૧-ગીતાનગર, રાજકોટ - ૩૬૦ ૦૦૨
Emai : jankalyan.s.c.trust@gmail.com મો.: ૯૪૨૮૫ ૦૬૦૧૧

રેફ. નં. :

તા.!!૨૯/૫/૨૦૧૭ ૨૦

શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ,
મુખ્ય મંત્રીશ્રી,
ગુજરાત રાજ્ય,
ગુજરાત .

બાબત : રાજકોટના હાર્દ સમા આજી ડેમમાં કાંપ કાઢવાના કાર્યમાં વેગ લાવવા બાબત.

આદરણીય સાહેબશ્રી,

સૌ પ્રથમ તો રા.મ્યુ.કમિશ્નરશ્રી,મેયરશ્રી,સ્ટેન્ડીગ કમિટીના ચેરમેનશ્રી દ્વારા રંગીલા રાજકોટમાં ઓવરફલાય,રીગ રોડ,સ્ટેડીયમ,ટી–ઓવરબ્રીજ જેવા મહત્વના અતિ સારા નિર્ણયો કરી દરેક કાર્યોને પૂર્ણ કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.

અમારી "જન કલ્યાણ મંચ" ની તારીખઃ ૩/૮/૦૯ , ૧૭/૧૧/૧૦ ત્થા ૧૭/૭/૧૨ ની રજુઆતો કરેલ.જે ધ્યાને લઈ માનનીય મ્યુ.કમિ.શ્રીએ આજી ડેમના પાણીમાંથી કાંપ કાઢી ઉડો કરવાનું બીડુ ઝડપ્યું છે. અમારી રજુઆતનું મહત્વ સમજી રાજકોટના વિકાસનું ખુબજ ઉપયોગી કામ શરૂ કરેલ છે તે બદલ જનકલ્યાણ મંચ ત્થા સર્વે કમિટિ મેમ્બર આપના ઋણી છે.

અમારી કક્ષાએ અમે થોડા સૂચનો તૈયાર કરી આપને સાદર વ્યકત કરીએ છીએ તે અંગે વિચારી યોગ્ય કરશોજી.

(૧) અત્યારે માત્ર બે બુલડોઝરથી અને માત્ર ૧૦–૧૫ ટ્રેકટરથી બે અલગ અલગ જગ્યાએ બહું જ ધીમી ગતિએ કામ ચાલે છે.**જે કાર્ય ૧૫– ૨૦ કે તેથી વધુ બુલ ડોઝરથી અને તે અનુસંધાને ડમ્પર/ ટ્રેકટરનો ઉપયોગ કરી ૨૪ કલાક કામ કરવું જરૂરી છે.** જે અત્યારે ભાદર ડેમમાંથી કાંપ કાઢવાની કાર્યવાહી ચાલે જ છે તે મુજબ કરી શકાય.

(૨) અત્યારે ખેડૂતો જરૂર મુજબ આજી ડેમમાંથી કાંપ લઈ જાય છે પરંતુ કોઈ ખેડૂત **પહોંચી શકે તેમ ન હોઈ તેના ખેતર સુધી કાંપ પહોંચાડવામા આવે,** જેથી સરકાર દ્વારા ખેડૂતોને અપાતી લોન/વ્યાજમાફી જેવી સહાય મળે છે તેમાં આ પ્રકારની એક વધુ સહાય ઉમેરી શકાય.

(૩) આ કાંપને ભાવનગર રોડની સમાંતર ત્થા તેની ડાબીબાજુએ ડેમ રૂપે જમા કરવામાં આવે અને તેની આગળ આર.સી.સી.ની દિવાલ ઉભી કરી વચ્ચે પુલ બનાવી ઉપરવાસથી પાણી આવી શકે તેમજ ખોખડદડ નદીમાંથી પાણી આવી શકે અને આ રીતે આજી ડેમનો એરિયા વધારી તે જગ્યાએ **રાજકોટનું એક નઝરાણું બની શકે તેવો "પિકનીક પોઈન્ટ" બનાવી શકાય.**

(૪) વધારાનો કાંપ ભાવનગર રોડની સામેની બાજુએ ઢગલો કરવામા આવે જેથી તે ફરીથી ડેમમાં ભરાય ન રહે.

ટુંકમાં ૧૫–૭–૧૭ સુધીમાં કોઈપણ ભોગે એટલો કાંપ કાઢવામાં આવે કે ભવિષ્યમાં વધતી જતી રાજકોટની વસ્તી ત્થા રાજકોટનાં સર્વાંગી વિકાસને ધ્યાને લઈ ભવિષ્યમાં કયારેય પણ ઓછા વરસાદની પરિસ્થિતિ ઉભી થાયત્યારે આજી ડેમ માંથી લેવાતા પાણીમાંથી પાણી કાપ મુકવો ન પડે.આજ રીતે ભવિષ્યમાં ન્યારીડેમ, લાલપરી ડેમ વગેરે. માટે આ જ પ્રકારનો પ્રોજેટક હાથ ધરીશકાય.

એક બાબત નોંધનીય છે કે હાલ આજી ડેમની સંગ્રહ શકિતમાં કુલ ૫૦ મિલિયન કયૂબીક ફુટનો જંગી ઘટાડો થયેલ છ **આ માપપટ્ટી નવી બનાવી આગળ ના ભાગનું રીનોવેશન કરાવી વ્યવસ્થિત વિકાસ થાય તે ઈચ્છનીય છે.**

આ ઉપરોક્ત ઉમદાકાર્ય માટેની કોઈપણ મીટીગમાં અમારા 'જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ' ના કોઈપણ **બે પ્રતિનિધીઓને બોલાવવામાં આવે તો અમો સદૈવ આપના ઋણી રહેશું.** સદરહું કાર્ય અંગેના પ્રોગ્રેસ રીર્પોટની જાણકારી અમારા 'જનકલ્યાણ સાર્વ.ચેરી.ટ્રસ્ટ'ના કાર્યાલયે જાણ કરવામા આવે તેવું અમારૂ નમ્ર નિવેદન છે.

આભાર સહ..

નકલ રવાનાઃ–
પ્રતિશ્રી ૧.કાર્યપાલક ઈજનેરશ્રી,રાજકોટ સિંચાઈ વિભાગ,રેસકોર્સ,રાજકોટ.
૨. રાજકોટ મ્યૂનિ. કમિશ્નરશ્રી,રાજકોટ. ૩. મેયરશ્રી, રા.મ્યુ.કો. રાજકોટ.
૪.સ્ટેન્ડીગ કમિટિ ચેરમેનશ્રી રાજકોટ.
પ્રતિશ્રીઃ તંત્રીશ્રી..................... દૈનિક પત્ર.રાજકોટ.

ઉમેશ આર. મહેતા
ચેરમેન
જનકલ્યાણ ટ્રસ્ટ, રાજકોટ

૩૧-૫-૧૭ - દિવ્યભાસ્કર

આજી ડેમમાંથી કાંપ કાઢવા વધુ મશીન મૂકો

રાજકોટ | આજી ડેમમાંથી કાંપ કાઢવાની કામગીરી ચાલી રહી છે, પરંતુ માત્ર બે જેસીબી અને 10-15 ટ્રેક્ટરથી અલગ અલગ જગ્યા પર ધીમી ગતિએ કામ ચાલે છે. જનકલ્યાણ સાર્વજનિક ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા મુખ્યમંત્રીને આ અંગે રજૂઆત કરતા જણાવ્યું છે કે, ચોમાસું નજીક હોવાથી કાંપ કાઢવાની કામગીરીમાં વેગ લાવવો જોઇએ. જો 10થી વધુ જેસીબી અને તે મુજબ ડમ્પર તથા ટ્રેક્ટરનો ઉપયોગ કરી 24 કલાક કામ કરવામાં આવે તો ઝડપથી કામ થશે. અત્યારે ખેડૂતો પોતાની જરૂરત મુજબ આજી ડેમમાંથી કાંપ લઈ જાય છે, પરંતુ કોઇ ખેડૂત પહોંચી શકે તેમ ન હોય તેના ખેતર સુધી કાંપ પહોંચાડવામાં આવે.

૩૧-૫-૧૭ - સંદેશ

કાંપ કાઢવાના કાર્યમાં વેગ લાવવા રજૂઆત

જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આરએમસીને આજી ડેમમાંથી કાંપ કાઢવાની પ્રક્રિયામાં વેગ લાવવા માટે સૂચનો આપવામાં આવ્યા હતા. જેમાં હાલમાં માત્ર બે બુલડોઝરથી અને માત્ર ૧૦-૧૫ ટ્રેકટરથી કામ ચાલે છે જેના બદલે વધારે બુલડોઝરની મદદથી ૨૪ કલાકમાં કામ કરવામાં આવે તે જરૂરી છે તેમજ ખેડૂતને [illegible]તર સુધી કાંપ પહોંચાડવામાં આવે જેવા અનેક સૂચનો આપવામાં આવ્યા હતા.

ભરાયેલ સંકલ્પપત્રો - અંગદાન - ચક્ષુદાન - દેહદાન

ટેકનોલોજીની ટોચ તરફ આ સમગ્ર વિશ્વ સરકી રહયું છે. ત્યારે પણ માનવ અંગો બનાવવા ટેકનોલોજી અસમર્થ રહી છે. આ માનવ અંગો માત્ર **'મહામાનવ'** ના પરોપકાર અને કૃપાથી જ મેળવી શકાય છે. આમ પોતાનાં અમૂલ્ય **અંગોનાં દાનના સંકલ્પ માત્રથી પોતાની જીવનયાત્રાને 'માનવ' થી 'મહામાનવ'** તરફ બનાવવા નિશ્ચય કર્યો છે તેવા **અંગદાન – ચક્ષુદાન–દેહદાનના દાતાશ્રીઓની** યાદી અત્રે રજુ કરીએ છીએ.

ક્રમ	ફોટો	નામ-સરનામું	વારસદાર મોબાઈલ	જન્મ તારીખ	અંગ દાન	ચક્ષુ દાન	દેહ દાન
૧૩૯		ધોરૂ પૂજા વિજયકુમાર 'શીવ શાંતિ', જલારામ-૪, શેરીનં.૩, યુનિ. રોડ, રાજકોટ	જયેશભાઇ ૯૮૨૫૫ ૧૭૪૫૫	૨૮-૦૧-૭૬	૧૨૧	૮૦	૨૭
૧૪૦		ધોરૂ વિજયકુમાર શિવજી, 'શીવ શાંતિ', જલારામ-૪ શેરી નં. ૩ યુનિ. રોડ રાજકોટ	જયેશભાઇ ૯૮૨૫૫૧૭૪૫૫	૧-૩-૭૪	૧૨૨	૮૧	૨૮
૧૪૧		પટેલ હરિશભાઇ કે. ૧૩૦/શિવધામ સોસાયટી, શેરી નં ૩, વિમલનગર મે. રોડ, યૂનિ. રોડ, રાજકોટ	વિજયકુમાર ધોરૂ ૯૮૨૫૭૧૫૪૬૫	૧-૮-૭૦	૧૨૩	૮૨	૨૯
૧૪૨		ધોધારી વૈભવી કેશવલાલ ''ઘનશ્યામ'' ૧-મયૂર પાર્ક, ભકિતનગર સર્કલ, ગીતામંદિર પાસે, રાજકોટ	સંજય કે. ધોધારી ૯૪૨૭૭૩૨૦૬૫	૧૨-૨-૭૩	૧૨૪	૮૩	૩૦
૧૪૩		ધોધારી નિહારીકા કેશવલાલ ''ઘનશ્યામ'' ૧-મયૂર પાર્ક, ભકિતનગર સર્કલ, ગીતામંદિર પાસે, રાજકોટ	સંજય કે. ધોધારી ૯૪૨૭૭૩૨૦૭૫	૨૨-૩-૯૫	૧૨૫	૮૪	૩૧
૧૪૪		પટેલ વર્ષાબેન હરિશભાઇ 'વિરામ'બ્લોકનં.૧૩૦ શિવધામ સોસા.૩ વિમલનગર બાજુમાં, યૂનિ. રોડ, રાજકોટ	પુજાબેન ધોરુ ૯૪૨૭૭૩૦૧૧૨	૩૦-૪-૭૫	૧૨૬	૮૫	૩૨
૧૪૫		ડો. પટેલ જયેશ કરશનભાઇ સંકેતફલેટ, ૩૦૧ ગુ.હા. બોર્ડ શેરી નં.૧ સ્વામી. મંદિર સામે, કાલાવડ રોડ, રાજકોટ	વિજયભાઇ ધોરું ૯૮૨૫૭૧૫૪૬૫	૧૧-૧-૭૮	૧૨૭	૮૬	૩૩
૧૪૬		ભગત મેહુલ રમણભાઇ 'શિવકૃપા' શિવમ સોસા.૧, આલાપ ગ્રીન સામે, સાધુ વા. રોડ, રાજકોટ	ચીંતન રમેશભાઇ ૯૯૭૯૯૩૨૨૩૭	૪-૯-૮૬	૧૨૮	૮૭	૩૪

વિદ્વાન, મૂર્ખ, ગુરૂ તથા પ્રિયજનો સાથે વિવાદ કરવો નહીં

ક્રમ	ફોટો	નામ-સરનામું	વારસદાર મોબાઇલ	જન્મ તારીખ	અંગ દાન	ચક્ષુ દાન	દેહ દાન
૧૪૭		ભગત ચિંતન રમેશભાઇ 'કુળદેવી આશીષ' શિવમ સોસા.-૨, રૈયારોડ, રાજકોટ	મેહુલ રમણભાઇ ૯૯૭૯૯૩૨૨૩૭	૭-૫-૯૪	૧૨૯	૮૮	૩૫
૧૪૮		પટેલ લીલાબેન કરશનભાઇ સંકેતફ્લેટ, ૩૦૧ ગુ.હા.બોર્ડ શેરી નં ૧ સ્વા.મંદિર સામે, કાલાવડ રોડ, રાજકોટ	જયેશભાઇ પટેલ ૯૯૨૫૫૧૬૪૫૫	૫-૮-૫૭	૧૩૦	૮૯	૩૬
૧૪૯		પટેલ વીમલાબેન ખેતાભાઇ ૧૩૦ શિવધામ સોસા. ૩, વિમલનગર મે. રોડ યુની. રોડ, રાજકોટ	હરીભાઇ પટેલ ૯૯૦૪૦૨૧૯૩૮		૧૩૧	૯૦	૩૭
૧૫૦		પટેલ ખેતાભાઇ નારણભાઇ ૧૩૦ શિવધામ સોસા. ૩, વિમલનગર મે. રોડ યુની. રોડ, રાજકોટ	હરીશભાઇ પટેલ ૯૯૦૪૦૨૧૯૩૮		૧૩૨	૯૧	૩૮
૧૫૧		ટાંક નરેશભાઇ માધવજીભાઇ ૧-કીડવાઇ નગર, રૈયા રોડ, રાજકોટ	તૃપ્તીબેન ટાંક ૯૪૨૮૪૬૪૪૫૮	૩૦-૮-૬૮	૧૩૩	૯૨	
૧૫૨		ડો. અમિતા જયેશભાઇ પટેલ સંકેત ફ્લેટ ૩૦૧,ગુ.હા. બોર્ડશેરી નં. ૧ સ્વા.મંદિર સામે કાલાવડ રોડ, રાજકોટ	જયેશ કે. પટેલ ૯૮૨૫૫૧૭૪૫૫	૩૦-૬-૭૯	૧૩૪	૯૩	૩૯

સમાજ સેવા માટે સન્માન

વડતાલ પિઠાધિપતી આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ દ્વારા જેતપુર (ગાદી સ્થાન) માં જાહેર સમારંભમાં વિષેશ સમાજસેવા બદલ સન્માનિત.

જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા અંગદાન કરેલ પરિવારની મુલાકાત - ઋણ સ્વિકાર

હાર્દિક જેરામભાઇ હડિયા

ગોંડલ થી ૨૦ કિ.મી. દુર આવેલ લીલાખા ગામના અકસ્માતે બ્રેઇન ડેડ જાહેર થયેલ. યુવાન શ્રી હાર્દિક જેરામભાઇ હડિયા (ઉ.વ.આ.૨૪) ના પરિવારે તેમના અંગોનું દાન જુદા જુદા ૬–વ્યકિતઓને કરીને ભાઇ હાર્દિકનું જીવન અમર બનાવી દીધું છે. જેરામભાઇ અને તેમના પરિવાર પર આવી પડેલ આ અણધારી આપત્તિમાં પણ સમાજના હિતને હૈયે રાખી ખૂબ જ સ્વસ્થ મને ભાઇશ્રી હાર્દિકનાં અંગો જેવા કે કિડની, લિવર, પેનક્રિયાયક, બંને ચક્ષુઓ, વગેરેનું દાન કરીને ૬–૬ વ્યકિતઓના પરિવારને ધબકતા કરી દીધા છે.

આ પરિવારના સમાજને રાહ ચિંધનારા આ પગલામાંથી પ્રેરાઇને જનકલ્યાણ સાર્વનનિક ચેરીટેબલ ટ્રસ્ટ ના ચેરમેન ઉમેશ મહેતા, કનુભાઇ પરમાર, રસીકભાઇ ટાંકા, તથા કિશોરભાઇ દવે અને ગોંડલના સેવાભાવી કાર્યકર મહેશભાઇ ગોહેલ વગેરેએ તેમના વતન લીલાખા માં (ગોંડલ પાસે) રૂબરૂ મળીને સાંત્વના આપી હતી. તેમણે કરેલા આ મહાદાનને પ્રમાણપત્રોથી બિરદાવી સમગ્ર સમાજ વતી ઋણ સ્વિકાર કરેલ.

અંગદાન અંગે ઋણ સ્વીકાર

ગોંડલના લીલાખા ગામનાં અકસ્માતે બ્રેઇનડેડ જાહેર થયેલ યુવાન હાર્દિક જેરામભાઈ હડિયા ઉ.વ.૨૪ ના પરિવારે તેમના અંગોનુ દાન જુદા જુદા ૬ વ્યકિતઓનેકરીને ભાઈ હાર્દિકનું જીવન અમર બનાવી દિધુ છે. જેરામભાઈ અને તેમના પરિવાર પર આવી પડેલ આ અણધારી આપતિમાં પણસમાજના હિતને હૈયે રાખી ખુબજ સ્વસ્થ મને ભાઈ હાર્દિકના અંગ જેવ કે બે કિડની, લિવર, પેનક્રિયાસ્ક, બંને ચક્ષુઓ વગેરેનું દાન કરીને ૬-૬ વ્યકિતઓને પરિવારને ધબકતા કરી દિધા છે. આ પરિવારનાં સમાજને રાહ ચિંધનાર આ પગલામાંથી પ્રેરાયને જનકલ્યાણ સાર્વજનિક ચેરીટિબલ ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ મહેતા,કનુભાઈ ટાંક, કિશોરભાઈ દવે અને ગોંડલના સેવાભાવી કાર્યકર મહેશભાઈ ગોહેલ વગેરેએ તેમના પરિવારને તેમના વતન લીલાખામાં (ગોંડલ પાસે) રૂબરૂ સાંત્વના આપી તેમણે કરેલા આ મહાદાનને પ્રમાણપત્રોથી બિરદાવી સમગ્ર સમાજ વતી ઋણ સ્વીકાર કર્યો હતો.

શ્રી મનસુખભાઇ હરજીવન મકવાણા

રાજકોટના રૈયાધારમાં ઇન્દીરાનગર, મફતીયા પરામાં રહેતા અને શાકભાજીનો વેપાર કરતા સાધારણ સ્થિતિના મનસુખભાઇ હરજીવન મકવાણા (ઉ.વ.૬૫) અચાનક બી.પી. વધી જતા પડી જવાથી બેભાન થઇ ગયેલ અને મગજમાં હેમરેજ થયેલ પરીણામે બ્રેઇન ડેડ જાહેર થયેલ.

તેમના પરિવારે તેમના અંગોનું દાન જુદા જુદા પાંચ વ્યકિતઓને કરીને મનસુખભાઇનું જીવન અમર બનાવી દીધું છે. દિપકભાઇ તેમજ વિજયભાઇ અને તેમના પરિવાર પર આવી પડેલ આ અણધારી આપત્તિમાં પણ સમાજના હિતને હૈયે રાખી ખૂબ જ સ્વસ્થ મને ભાઇશ્રી મનસુખભાઇના અંગો જેવા કે બે કિડની, લિવર બંને ચક્ષુઓ વગેરેનું દાન કરીને ૫–૫ વ્યકિતઓનાં પરિવારને ધબકતા કરી દીધા છે.

આ પરિવારના સમાજને રાહ ચિંધનારા આ નિર્ણયથી તેમને પ્રોત્સાહન આપવા જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન ઉમેશ મહેતા, નરેશભાઇ ટાંક તથા કિશોરભાઇ દવે એ ઇન્દીરાનગર, મફતીયા પરામાં રૂબરૂ મળીને સાંત્વના આપી હતી. તેમણે કરેલા આ મહાદાનને બીરદાવી સમગ્ર સમાજ વતી ઋણ સ્વીકાર કરેલ.

અવચરભાઇ ડાહ્યાભાઇ પટેલ



મોરબી રહેતા અને ટંકારા પાસે લખધીરગઢ ગામનાં અવચરભાઇ ડાહ્યાભાઇ પટેલ નું બ્લડ પ્રેસર અચાનક નીચું થઇ જતાં પ્રથમ મોરબી અને ત્યારબાદ રાજકોટમાં સારવાર લેતાં બીજા જ દિવસે બ્રેઇનડેડ જાહેર થયેલ તેમની ત્રણેય દિકરીઓ ભારતીબેન, વંદનાબેન, ડો.આશાબેન સાથે મળી પિતાજીના અંગોનું દાન કરી પિતાજીને અમરત્વ બક્ષવાનો નિર્ણય લીધો અને તેમાં તેના માતુશ્રી ઉર્મીલાબેન પણ સુર પુરાવી અંગદાન કરવાની ભલામણ કરી.

ગૌ ભકત અને આજીવન સેવાભાવી અવચરભાઇ પટેલ નાં પરિવાર ની ઇચ્છા અનુસાર અંગદાન કરવામાં આવ્યું. તેમની બંન્ને કીડની, લીવર તથા બંન્ને આંખો નું દાન કરવામાં આવ્યું. આમ ૫–૫ વ્યકિતઓના પરિવારને ધબકતા કરી દીધા છે.

આ પરિવારના સમાજને રાહ ચિંધનારા આ પગલામાંથી પ્રેરાયને જનકલ્યાણ સાર્વજનીક ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન ઉમેશ મહેતા વાઇસ ચેરમેન રસિકભાઇ ટાંક, તથા ટ્રસ્ટના કાર્યકર એવા શ્રી અનંતભાઇ રાજા, ભરતભાઇ ચતવાણી, મહેશ વ્યાસ વગેરે એ તેમનાં પરિવારને તેમનાં વતન લખધીર ગઢ, ટંકારા પાસે રૂબરૂ મળીને સાંત્વના આપી અને તેમણે કરેલા આ મહાદાનને પ્રમાણ પત્રોથી બિરદાવી સમગ્ર સમાજ વતી ઋણ સ્વીકાર કરેલ.

માનવ અંગોના પ્રત્યારોપણની સમય મર્યાદા

કોઇપણ બ્રેઇન ડેડ વ્યકિત દ્વારા કરવામાં આવેલ અંગોના દાનને સ્વીકાર્યા બાદ તેને અન્ય દર્દીનાં શરીરમાં પ્રત્યારોપણ કરવા માટે જરૂરી સમય મર્યાદા નીચે મુજબ છે.

૧-હૃદય : ત્રણ થી ચાર કલાક

૨-ફેફસા : ત્રણ થી ચાર કલાક

૩-લીવર અને કીડની : આઠ થી દસ કલાક

૪-પેનક્રિયાયક (સ્વાદુપિંડ) : આઠ થી દસ કલાક



માનવ અંગોના દાન (બ્રેઇન ડેડ) વિષે...

માનવ અંગ દાન એટલે શું ?

ક્યારેક કોઇ અકસ્માત કે અનિયમિત જીવન શૈલીના કારણે માનવ શરીરના કેટલાક અંગો ખરાબ થઇ જતા હોય છે. આવા સમયે ''બ્રેઇન ડેડ'' વ્યકિતના શરીરમાંથી જે અંગો અન્ય જરૂરીયાત મંદ દર્દીના શરીરમાં પ્રત્યારોપણ કરવામાં આવે ત્યારે '' માનવ અંગ દાન '' કહેવાય. **બ્રેઇન ડેડ વ્યકિતનું આયુષ્ય જ ન હોય ત્યારે અવસાન પહેલાં તેના અંગોનું દાન કરે તેને માનવ અંગ દાન કહેવાય છે. આવા અંગોનું દાન બ્રેઇન ડેડ વ્યકિતના સગા-સંબંધીઓની પૂર્વ મંજુરીથી કરવામાં આવે છે.**

બ્રેઇન ડેડ એટલે શું ?

જયારે કોઇ વ્યકિતનો અકસ્માત થાય કે ઉમર લાયક વ્યકિતના એક પછી એક અંગો કામ કરતાં બંધ થાય ત્યારે તેને હોસ્પિટલમાં દાખલ કરી ICU માં રાખવામાં આવે છે. **ડોકટરના નિદાન મુજબ તેનું બ્રેઇન ડેડ થયાનું જણાવી દર્દીને વેન્ટીલેટર ઉપર રાખી કૃત્રિમ શ્વાસો શ્વાસ દ્વારા તેનું હૃદય ચાલુ રાખવાનાં પ્રયત્નો કરવામાં આવે છે. આમ વેન્ટીલેટર ઉપર રાખવામાં આવેલ દર્દીને બ્રેઇન ડેડ દર્દી કહેવાય છે.**

બીજાની જીંદગીનો ધબકાર બનીએ :

જયારે કોઇનું બ્રેઇન ડેડ થાય છે ત્યારે તે વ્યકિત પોતાનાં અંગોનું દાન કરે તે તેની માનવમાંથી 'મહામાનવ' તરફની યાત્રા છે. એટલે કે તે વ્યકિત અથવા તેનો પરિવાર ઇચ્છે તો મૃત્યુબાદ પણ અનેક માનવ જીવનને ધબકતું રાખી શકે છે. થોડી સમજણ અને જાગૃતતા ને લીધે જ આવું ભગીરથ કાર્ય આપણા વડે થઇ શકે છે.

આપ સૌ જાણો છો તેમ માનવીનું બ્રેઇન ડેડ થાય તેમ છતાં પણ તેમનું હૃદય, પેન્ક્રીયાસ (સ્વાદપિંડું), બે કીડની, લીવર અને બે આંખ જીવંત રહે છે. ઉચિત સમયમાં તેનું પ્રત્યારોપણ કરવામાં આવે તો સાત અંગ દ્વારા બીજી જીવીત સાત વ્યકિતનું શેષ જીવન વધુ સારું બનાવી શકાય છે.

જો આપ એક જાગૃત નાગરીક હો અને ''બ્રેઇન ડેડ'' વ્યકિતના ઉપર દર્શાવેલ અંગોનું દાન કરવા ઇચ્છતા હોય તો નિષ્ણાંત સેવાભાવી ડોકટરની ટીમ અથવા જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ - ૯૪૨૮૫૦૬૦૧૧ - ઉમેશ મહેતા નો સંપર્ક કરવાથી આ ભગીરથ અને પરોપકારી કાર્ય કરી શકો છો.

આવો આવા અંગો વિશે થોડું જાણીએ...

હૃદય (Heart) :- માનવ શરીરનું અતિ મહત્વનું અંગ એટલે હૃદય આપણા શરીરમાં સતત થઇ રહેલાં રૂધિરાભિસરણનું કાર્ય ઇશ્વરે હૃદયને સોંપેલું છે. એમ કહેવાય છે કે લોહીનું ભ્રમણ અટકી જાય તો માનવીનું મૃત્યું થયું ગણાય. એજ રીતે શરીરને ઓકિસજન પુરો પાડવાનું મહત્વનું કાર્ય હૃદય દ્વારા થાય છે.

કીડની (Kidney) :- માનવ શરીરના કચરાનો નિકાલ કરવાનું અગત્યનું કામ કીડની દ્વારા જ થાય છે.

લીવર (Livar) :- માનવ શરીરનાં અલગ-અલગ કાર્ય માટે લીવર એ માનવશરીરની લેબોરેટરી જેવું કાર્ય કરે છે. શરીરમાં લીવરનાં ૫૦૦ થી વધારે કાર્યો છે.

સ્વાદુપિંડ (Pancreas) :- માનવી આજની દોડધામ ભરેલી પરિસ્થિતીમાં ઘરનું અને બહારનું ભોજન તથા પ્રવાહી આરોગે છે. આનું પાચન કરવા માટે જરૂરી પાચકરસો બનાવવાનું અને તેનું સંતુલન જાળવવાનું મુખ્ય કાર્ય સ્વાદુપિંડ છે.

આંખ (Eye) :- માનવ શરીરનું એક મહત્વનું અંગ એટલે આંખ જેના વગર આપણું એક પણ કાર્ય કદાચ ન થઇ શકે. જેમ કે આંખ બંધ કરીને આપણે ચાલી શકીએ ખરા?

દિવસે એવું ને એટલું કામ કરવું કે રાત્રે તુરત જ ઉંઘ આવી જાય.